


પુસ્તક ૨ જું.] શ્રાવણ: વીર સંવત ૨૪૬૮. [અંક ૧૦



તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક :
ભોગીલાલ સાંકળચંદ શેઠ.

## પંચાંગ.

વદિ ૧ ક્ષય
વદિ ૬ બે
સુદિ ૯ ક્ષય

| તિથિ | વાર | તારીખ |
|---|---|---|
| વ૨ | ગુરૂ | ૨૭ |
| ૩ | શુક્ર | ૨૮ |
| ૪ | શનિ | ૨૯ |
| ૫ | રવિ | ૩૦ |
| ૬ | સોમ | ૩૧ |
| ૬ | મંગળ | ×૧ |
| ૭ | બુધ | ૨ |
| ૮ | ગુરૂ | ૩ |
| ૯ | શુક્ર | ૪ |
| ૧૦ | શનિ | ૫ |
| ૧૧ | રવિ | ૬ |
| ૧૨ | સોમ | ૭ |
| ૧૩ | મંગળ | ૮ |
| ૧૪ | બુધ | ૯ |
| ૦)) | ગુરૂ | ૧૦ |
| સુ૧ | શુક્ર | ૧૧ |
| ૨ | શનિ | ૧૨ |
| ૩ | રવિ | ૧૩ |
| ૪ | સોમ | ૧૪ |
| ૫ | મંગળ | ૧૫ |
| ૬ | બુધ | ૧૬ |
| ૭ | ગુરૂ | ૧૭ |
| ૮ | શુક્ર | ૧૮ |
| ૧૦ | શનિ | ૧૯ |
| ૧૧ | રવિ | ૨૦ |
| ૧૨ | સોમ | ૨૧ |
| ૧૩ | મંગળ | ૨૨ |
| ૧૪ | બુધ | ૨૩ |
| ૧૫ | ગુરૂ | ૨૪ |

× સપ્ટે. ૩૦

## વાર્ષિક લવાજમ.] વિષય–દર્શન. [રૂપિયા, અઢી.

### શ્રાવણ–ભાદરવો, વિ. સં. ૧૯૯૮.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| પન્યાસશ્રી ભાવવિજયજી જયંતિ ગીત. | ભોગીલાલ રતનચંદ કવી. | ૩૦૧ |
| **श्री आदिनाथ चरित्र पद्य.** | **जैनाचार्य श्री जयसिंहसूरीजी.** | ૩૦૨ |
| **॥ शीलकुलकम् ॥** | **जैनाचार्य श्री विजयपद्मसूरीजी.** | ૩૦૫ |
| શ્રી સિદ્ધચક્રની તાત્ત્વિક ભાવના. | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરીજી. | ૩૦૭ |
| "ત્યાગ વૃત્તિ" | દુર્લભજી ગુલાબચંદ મહેતા. | ૩૦૯ |
| "પ્રશ્નોતર કલ્પલતા." | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરીજી. | ૩૧૧ |
| સંસાર ચિતાર અને મુક્તિના સુખ. | મુનિશ્રી રામવિજયજી. | ૩૧૩ |
| "ધર્મ વિચાર." | ઉપાધ્યાયશ્રી સિદ્ધિમુનિજી. | ૩૧૪ |
| **शास्त्र सम्मत मानव धर्म और मूर्तिपूजा.** | **मुनिश्री प्रमोदविजयजी (पनालालजी)** | ૩૧૭ |
| "તીર્થ–સ્તુતિઓ." | મુનિશ્રી સુશિલવિજયજી. | ૩૧૯ |
| "મનસાગરનાં મોજાં" | સધાણી બાપુલાલ કાળીદાસ | ૩૨૦ |
| "રોજનીશીનું પાનું" | સદર. | ૩૨૨ |
| "અનેકાંતવાદ." | બાપુલાલ કાળીદાસ સધાણી. | ૩૨૩ |
| અર્હંત દર્શન અને ઇશ્વર. | મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. | ૩૨૬ |
| "શ્રી સંઘને ચર્ણે" | કવી ભોગીલાલ રતનચંદ | ૩૨૮ |
| "કલમનાં નખરાં" | શ્રીમાન વિજયપ્રકાસ. | ૩૨૯ |
| "પરાજીતનું ગાન." | શ્રીમાન ઉંઘી ખોપરી. | ૩૩૧ |
| પં. ભાવવિજયજી ગણિ જયંતિ ઉત્સવ. | તંત્રીસ્થાનેથી. | ૩૩૨ |
| વર્તમાન સમાચાર. | સદર. | ૩૩૪ |


વદિ ૭ બુધ, શ્રીશાંતિનાથ ચ્યવનદિન, અને શ્રી ચંદ્રપ્રભુ મોક્ષ દિન.
વદિ ૮ ગુરૂ, શ્રી સુપાર્શ્વનાથ ચ્યવન દિન, અને રોહિણી દિન.
વદિ ૧૨ સોમ, પર્યુષણ પર્વ પ્રારંભદિન.
વદિ ૦)) ગુરૂ, શ્રી કલ્પધર દિન.

સુદિ ૧ શુક્ર, મહાવીર જન્મ વાંચનદિન
સુદિ ૨ શનિ તેલાધર દિન.
સુદિ ૪ સોમ, સવંત્સરી, પર્યુષણ પર્વ સંપૂર્ણ દિન.
સુદિ ૮ શુક્ર, દુબળી આઠમ દિન.
સુદિ ૧૦ શનિ, શ્રી સુવિધિનાથ મોક્ષદિન.
સુદિ ૧૧ રવિ, શ્રી હિરવિજયસૂરિ મહારાજ જયંતિ દિન.

દ્વારાઃ–વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મ વિકાસ.

પુસ્તક ૨ જું. શ્રાવણ, સં. ૧૯૯૮. અંક ૧૦ મો.

## શ્રી ગુરૂદેવ શ્રી ૧૦૦૮ શ્રીભાવવિજયજી મહારાજશ્રીની જયન્તીમાં ગવાયલું. (ગીત)

રચયિતાઃ-ભોગીલાલ રતનચંદ કવિ.

રાગ (આશાની છબ)

ગુરૂ જયન્તિ આજ, પ્રેમે નમુ, ભાવ ગુરૂ શીરતાજ.
જન્મભૂમિ શોભે શહેર પાટણની, ઇતિહાસકારોએ ભૂમી વખાણી.
જ્યાં વૈભવ શોભે અપાર, પ્રેમે નમું. ૧
વિક્રમ સંવત ઓગણીશો સાલ, જ્ઞાતિ જૈન વિશાશ્રીમાલ.
ઉચ્ચ કુળમાં જન્મ સોહાય, પ્રેમે નમું. ૨
પિતા સવાઇચંદ, માતા જીવીબાઈ, ગૃહસ્થ કુટુંબની અતિ જોગવાઇ.
નામ પાડયુ ભીખાલાલ, પ્રેમે નમું. ૩
નામ ભીખાભાઈ ઉમરે વધતા, સંયમ સાદાઇ જ્ઞાને ચડતા.
જાણ્યો સંસારમાં નહિ સાર, પ્રેમે નમું. ૪
સંત સમાગમ સાધતા સાચો, મન હૃદયમાં સંયમ રાચ્યો.
ન રહેવું હવે સંસાર, પ્રેમે નમું. ૫
ત્રીશ વર્ષની ઉમર શોભે, બાળ બ્રહ્મચારી આત્મા ચોપે.
લીધો (૧૯) સાલ બત્રીશે વૈરાગ્ય, પ્રેમે નમું. ૬
માગ શુકલ બીજ હતી સર્વોત્તમ, ચાલ્યા ઉચ્ચ કોટીના ઉત્તમ
કીધો વૈભવ સઘળો ત્યાગ, પ્રેમે નમું. ૭
મેરૂ સમો ગુરૂ સંયમ પાળે, ક્રિયા કાંન્ડમાં અતિ સંભાળે.
ધરે અતિ મર્યાદ, પ્રેમે નમું. ૮
વડી દીક્ષા પણ એજ સાલે લીધી, ઉગ્ર વિહાર વળી તપશ્ચાઓ કીધી.
બુઝાવ્યા જીવો અપાર, પ્રેમે નમું. ૯

આત્મ જ્યોતી અતિ ચમકાવી, શાસન ધ્વજને રહ્યા ફરકાવી.
કરતા પર ઉપકાર, પ્રેમે નમું. ૧૦
પન્યાશ પદવી સાલ અઠાવન, કાર્તીક કૃષ્ણ દ્વીજ કરી પાવન.
પદવી સંઘ સમસ્ત દેવાય, પ્રેમે નમું. ૧૧
અનેક કષ્ટમાં આનંદ માને, ક્રોધ, કષાય ન અભિમાન જાણે.
પાળે સંયમ ખાંડાની ધાર, પ્રેમે નમું. ૧૨
ભાવવીજય નામ ભાવના સાચી, શાસન ભાવના હ્રદયમાં રાચી.
રહેતા મસ્તી આનંદે સદાય, પ્રેમે નમું. ૧૩
શીષ્ય મંડળ હતું અતિ ગુણવાન, સુજ્ઞ, નિતિ,ગંભીર, ચારિત્ર જાણ.
દયાવિજય સુખકાર, પ્રેમે નમું. ૧૪
ગુરૂ આજ્ઞા નીત્ય શીરીમાન્ય માને, સંયમ નિયમ વિશ્વ વખાણે.
કરતા જગ કલ્યાણ, પ્રેમે નમું. ૧૫
શીષ્ય નીતિની ભય ભીતી ટાળી, પદ આચાર્ય દીધું સંભાળી.
શોભે ઓગણીછોતેર સાલ, પ્રમે નમું. ૧૬
જીવન મુસાફરી શહેલજ સાધી, કાળ વિક્રાળથી આકરી બાંધી.
ગાત્ર શરીર રંગ બદલાય, પ્રમે નમું. ૧૭
ઓગણીસે સાલ અગણ્યાએસી,શ્રાવણ શુકલ ત્રીજ થઈજ ઉદાસી.
સ્વર્ગવાસ ગુરૂજી સધાય, પ્રમે નમું. ૧૮
સંયમ ગુરૂએ સુંદર શોભાવ્યો, મહાવીર શાસન ધ્વજ ફરકાવ્યો.
ગુરૂ ચર્ણે નમે (ભોગીલાલ), પ્રમે નમું. ૧૯

**સંવત ૧૯૯૮ શ્રાવણ શુકલ ત્રીજ**

## ॥ श्री आदिनाथ चरित्र पद्य ॥

**( जैनाचार्य श्री जियसिंहसूरीजी तरफथी मळेलुं. )**

( ગતાંક પૃષ્ઠ ૨૫૫ થી અનુસંધાન. )

भक्ति भाव मुनि वंदन कीनी, जिन वाणी सुनली रस भीनी ।
धर्मदेसना मुनि हीं बखाणी, विषय दुख की जिवि जड़ जानी ॥
कचा सूत का पलंग बखाणा, तापर बेठ पडत मन जाना ।
तिमि भोगी दुखका अधिकारी, भटकत फिरत अनेक दुखारी ॥

जग परिवार रेन कर वासा, अंत प्रातः सब होत विनासा ।
जो जगजीव सत्य कर माना, ते भव दुख पावत विधि नाना ॥
दुखपावत सब निज २ कर्मा, याते जीव करहु सब धर्मा ।

धर्म देसणा सुनहिं इम, निनार्मीका सुख पाय ।
करजोडत पुनि यूं कहा, सुनहुं देव गुरु राय ॥

समदर्शी तुम देव कृपाला, मों सम दुखी नहीं जग जाला ॥
यह सुनि मुनि बोले मृदुबानी, चतुर गति दुख कहहुं बखानी ।
पाप कर्म फल भोगत प्राणी, तोस पिलत नर्क गति घाणी ॥
कइ एक देह छेद्ते दूता, कइ एक गरदन चके करुता ।
कइ एक ओषधिसम कुट जोव, कइ एक सल सेज पर ढावे ॥
कइ एक पत्थर पटक पछारा, कइ एक खंड खंड कर डारा ।
वक्रिय देह होय तिन प्राणी, कटत जात पुनी होय जुड़ानी ॥
पुनि दुख देत धर्म कर दूता, इमिदुख पावत जीव कपूता ।
तृखा होय सीसा पिलवावे, ते दुख जीव बहुत चिल्लावे ॥

बहुत त्रास पावे तहां, कर्म विधर्मी जीव ।
जिन वरण नत दुख होतहे, अय बाला धरु धीर ॥
नारकियों की बात, अय बची दूरे रही ।
प्रत्यक्ष ही दिखलात, सो सब सुनले धीर धर ॥

जलचर जलमें करत निवासा, एक एक कर करत विनासा ।
मास चर्म प्रेमी तिन मारे, निदर्य तासे खाल उपारे ॥
थल चरका भी है यह हाला, कइ एक करे शिकार नृपाला ।
घोड़े बेल अति हि दुख पावे, भूख प्यास मे भार दुवावे ॥
यहि दुख के नभचर अधिकारी, मार भून कर खाय शिकारी ।
कइ एक पकड पींजरा डाले, अति दुख मय निज जीवन पाले ॥
यहि विधि फल सब भोगत प्राणी, पूर्व कर्म नहीं छूटत जानी ।
नर भव पाय वृथा होजावे, पूर्व जन्म कर पाप भुलावे ॥
फिर भी नर नही करत विचारा, दुख मय काटे जीवन सारा ।
दुनियां में दुख का नहीं पारा, जिमि सागर जल जंतु अगारा ॥
मंत्र प्रभाव नास कर नारा, रहता भूत प्रेत कर द्वारा ।
यहि विधि भवसागर माहीं, जैन धर्म प्रति कार बसाही ॥

नाव बूर पावत अति भारा, तिमि हिंसक डूबत मजधारा।
झूठ ठगी चोरी पर नारी, करत प्रेम दुखपावत भारी ॥
जो नर इनका रखे खयाला, ते होवे सुख सम्पति वाला।
केवलि गुरु की देसना, सुन निनार्मी सुख पाय।
मन वैराग्य जगाय कर, सम्यक्त्व लिया उठाय ॥
परमगती की व्याधि, पांच अणुव्रत धारिया।
पुनि मुनि शीस नवाय, काठ भार लेकर चली ॥
भवन आय करके वह बाला, नानाविधि तप करत सुवाला ॥
पूर्ण युवति होगइ वह बाला, हुआ विवाह नहीं तेहि काला।
कटुक तूंबी त्याग अधिकारी, तिमि निनार्मीकि दशा बिचारी ॥
अनसन व्रत पाले वह बाला, करे युगंधर मुनि ढिग काला।
सुनहु देव ललितांग तुम, जाओ मुनि वर पास।
बाला को देकर दरस, पूरो उसकी आस ॥
अंत समय जो इच्छा होवे, वहि गति तिन प्राणी होवे ॥
तु मोहे देख त्यागे वह देहो, पूवे जन्म तुम वरे सनेही।
यह सुन ललितदेवं तहं आवा, निनार्मीका को दरस दिखावा ॥
पूर्व जन्म कर प्राती गाढ़ी, पति दर्शन कर अति हीं बाढ़ी।
देह त्याग पूर्व कर रुपा, पाया तुरत निनार्मी अनूपा ॥
पूर्व जन्म कर नाम सुहावा, ताहि पाय देव सुख पावा।
ललितदेव भोग कर नाना, जेहि अति घाम छाह सुख जाना ॥
बहुत समय बीता इहि भांती, ललित भोग कीना अति शांती।
पुनि चव्यन के चिन्ह पिछाना, ललित देव तब अति भय माना ॥
तुरत स्वभाव पलट हो जावा, प्यारी नारी को तब बिसरावा।
बहु विधि अशकुन देखन लागा, तवहि ताहि मन जगा विरागा ॥
परिवर्तन को देख कर, कहे रानी कर जोर।
छोड़ाहे मुझ प्रेमको, कहिये दोष किम मोर ॥
यह सुन ललित देव इमि बोला, सुन्दर बदनीछूट यह चोळा।
पूर्वजन्म कर खुटी कमाई, तासे चव्यन चिन्ह दिखाई ॥
पूर्वजन्म विद्याधर राजा, थामें हीन धर्म कर काजा।
विषय भोग करत दिन राता, यामें अपनी उमर बिताता ॥

स्वंबुद्ध एक मंत्री मेरा, दिया याद धर्म कर हेरा ।
तबहि तुरत यह बाता मानी, जैन धर्म महिमा पहिचानी ॥
अल्प कालमें धर्म प्रभावा, मिलामोहि यह राज्य सुहावा ।
पर अब चव्यन चिन्ह दिखाई, पलमें यह नस्वर हो जाई ॥
तेहि अवसर आवा एक देवा, चलिये करन जिनंदपद सेवा ।
द्रढ़धर्मा तब ललित पिछाना, ताहि बचन सीस धर माना ॥

नंदिश्वरजी द्वीपमे, कीना तुरत पयान ।
स्वयंप्रभा कर संगमे, धरा हृदय में ध्यान ॥

अरिहंतपद पूजन मन लागा, बढ़त प्रेम दुखहिं सब भागा ।
पुनि मन तीर्थ करन मन धारा, पुनि पयान तीरथ कर प्यारा ॥
चव्यन हुआ चलत मग माहीं, शुद्ध भावसे नृप घर पाही ।

जंबुद्वीपमें सिंधु तट, पूर्व विदेह सुहाय ।
लोहा गल नृपके भवन, ललित जीव जन्माय ॥

॥ तीसरा भव समाप्त ॥

(अपूर्ण)

## ॥ शीलकुलकम् ॥

रचयिताः-जैनाचार्य श्री विजयपद्मसूरिजी.

( ગતાંક પૃષ્ઠ ૨૫૭ થી અનુસંધાન. )

जियसम्माउहरीओ-दंसण फासाइणा सया रमणी ॥
वट्टावेए तासे-विविहे सच्छंदया णारी ॥८५॥
पइ बाहुरुहिरपाणं-विहियं सुकुमालियाइ तम्मंसं ॥
भक्खिय मेवं खित्तो-सामी गंगापवाहम्मि ॥८६॥
विग्घयरी सुहमग्गे-नारी णच्चाविओ सिवो सिग्घं ॥
रमणीइ पव्वईए-विस्सामित्तो वि कामवसो ॥८७॥
मेणय मइ्दट्ठूणं-जाओ नारीप्पसंगपब्भट्ठा ॥
आसाढहारणिया-रमणीचाओ महालाहो ॥८८॥
चिंतेइ वक्कलचिरी-करणाहेहिं पिया मए चत्तो ॥
गच्चा तायसयासं-सपसणिंदू णमइ तायं ॥८९॥

जाइस्सरणं पत्तो–उवगरणपमज्जणं पकुव्वंतो ॥
जाणइ पुव्वभवीयं–चत्तं चरणं ति कामाओ ॥९०॥
इय चिंतंतो जाओ–सव्वण्णू सोमचंद मुवइ सए ॥
तो से समणो जाओ–सीलं रक्खिज्ज णचे वं ॥९१॥
लोहंधाईहिंतो–कामंधस्सा हियत्त मादिट्ठं ॥
रमणीजणणीभेओ–ण जस्स चित्तम्मि लेसाओ ॥९२॥
वेरग्गभावजणगं–कुबेरदत्ताइयाण मक्खाणं ॥
संपत्ता सीलवई–सीलाओ बंभसग्गसुहं ॥९३॥
अहिणवबाहू लद्धा–कलावईए सुसीलमाहप्पा ॥
मलयागिरीइ पत्तो–विउत्तपइसुयजुयलसंगो ॥९४॥
नारीए लाहट्ठं–परोप्परं सिहइ मरण मिइ णब्बा ॥
एला सुओ विमोही–नाणी जाओ सुहणिमित्ता ॥९५॥
उवइसए रायाई–पुव्वित्थी मह नडी सजाइमया ॥
तण्णेहा हं राई–जाइस्सरणं नडी पत्ता ॥९६॥
केवलिणी संजाया–सुहभावेहिं नडी निवइ रमणी ॥
कंखियनडीपसंगं–भूवं तजेइ सुहभावा ॥९७॥
केवलनाणं पत्ता–निंदियपावो निवो सुहसहावो ॥
सव्वण्णू संपण्णो–एवं सीलं वियारिज्जा ॥९८॥
मेहुणओ गुणणासो–दिट्ठंतो सच्चई विसयरागा ॥
मरणं निरए पीडा–इक्कारसमो मओ रुद्दो ॥९९॥
से मित्तस्स णुराआ–कुद्धो भूवाइयं च तज्जंतो ॥
मेहुणयलिंगपूयं–पयडीअ तयच्चणं तत्तो ॥१००॥
कालत्तयच्चणाए–समज्जियं तेण तित्थयरणामं ॥
सिरिसुव्वयतित्थयरो–इगदसमो सच्चई होही ॥१०१॥
नारीकूडं ण बुहा–कलंति नेउरबुहीनिदरिसणओ ॥
चिच्चा निवाइअतिगं–अडविं निवकामिणी भमए ॥१०२॥
बहुपावं विसएसुं–मइभेओ मण्णए दुहं सुक्खं ॥
जं जं कामी पासइ–तं तं रमणिं समहिलसए ॥१०३॥

(अपूर्ण.)

# શ્રીસિદ્ધચક્રની તાત્વિક ભાવના.

લેખક. જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૨૬૧ થી અનુસંધાન. )

પ્રશ્ન—શ્રી આવશ્યક સૂત્રની ચૂર્ણિમાં પ્રભુ મહાવીરદેવના સમવસરણના વર્ણનમાં તો એમ કહ્યું છે કે '**असोगवर पायवो जिण उच्चताओ बारसगुणो सक्कोविउव्वइत्ति**=ઇંદ્રે જીનેશ્વર મહાવીર પ્રભુની ઉંચાઈથી બાર ગણો ઉંચો અશોક વૃક્ષ બનાવ્યો. અને પહેલાં તો આ પ્રભુના અશોક વૃક્ષની ઉંચાઇ બત્રીશ ધનુષ્યની કીધી, એ કઇ અપેક્ષાએ સમજવી ? ઉત્તર-આવશ્યક ચૂર્ણિમાં તો અશોક વૃક્ષની જ બાર ગુણી ઉંચાઇ જણાવી છે. બત્રીશ ધનુષ્યની જે ઉંચાઈ કીધી છે, તેમાં શાલ વૃક્ષની ઉંચાઇ પણ ભેગી આવી જાય છે. એટલે મહાવીરસ્વામીના શરીરની ઉંચાઇ ૭ હાથની છે. તેને બાર ગુણી કરતાં ૮૪ થયા. ૪ હાથનો ધનુષ્ય થાય માટે ૮૪ ને ચારે(૪) ભાગવાથી ૨૧ ધનુષ્ય આવ્યા, એટલી ઉંચાઇ વીર પ્રભુના અશોક વૃક્ષની છે. એમ આવશ્યક ચૂર્ણિ ફરમાવે છે. પરંતુ જો તેની ઉપર રહેલા શાલ વૃક્ષની ૧૧ ધનુષ્ય પ્રમાણ ઉંચાઈ ૨૧ માં ભેળવીએ તો ૩૨ ધનુષ્ય થાય, માટે બંને વૃક્ષની ઉંચાઇ ભેગી કરીને ૩૨ ધનુષ્ય કીધા એમ સમજવું. અને જ્યાં ૨૧ ધનુષ્ય જણાવ્યા છે, ત્યાં કેવલ અશોક વૃક્ષની ઉંચાઇ સમજવી. આ બાબત વિશેષ ખુલાસો શ્રી પ્રવચન સારોદ્ધારની ટીકા વિગેરે ગ્રંથોમાં જણાવ્યો છે. ૧૦ જ્યાં જ્યાં અરિહંત પ્રભુ વિચરે ત્યાં ત્યાં કાંટાઓ અધોમુખ (ઉંધા) થઇ જાય છે. એટલે માર્ગમાં રહેલા કાંટાઓની અણીઓ ઉંધી થઇ જાય છે. ૧૧ અરિહંત પ્રભુના વિહારના સમયે-વૃક્ષો જાણે પ્રણામ કરતા હોય તેમ નીચા નમે છે. ૧૨ તથા આકાશમાં દેવ દુંદુભિ વાગ્યા કરે છે. ૧૩ સંવર્ત્તક જાતિનો વાયુ એક યોજન પ્રમાણ પૃથ્વીને સાફ કરીને ધીમે ધીમે અનુકૂળપણે વાય છે. તે વાયુ-સુગંધિ-સુખદાયિ સ્પર્શ-વાળો અને શીતલ હોય છે. તેથી સર્વને આનન્દ ઉપજાવે છે. આ બાબત શ્રી સમવાયાંગ સૂત્રમાં કહ્યું છે-તે આ પ્રમાણે—"**सीयलेणं सुहफासेणं सुरभिणा मारुपणं जोयण परिमंडलं संपमज्जिजज्ज इत्ति**—આ પાઠનો અર્થ ઉપર આવી ગયો છે. ૧૪ વિહારના ટાઈમમાં ચાસ-મોર-પોપટ વગેરે પક્ષિયો પ્રભુને પ્રદક્ષિણા દે છે. ૧૫. જે સ્થળે પ્રભુ બીરાજે છે, ત્યાં ધૂલ શમાવવા માટે મેઘ કુમાર દેવો સુગંધિ પાણીની વૃષ્ટિ કરે છે. ૧૬ દેવો સમવસરણની એક યોજન પ્રમાણ ભૂમિમાં ગુલાબ વિગેરે લાલ-લીલા-પીળાં-કાળાં-ધોળા એમ પંચરંગી ફૂલોની ઢીંચણ સુધી વૃષ્ટિ કરે છે. પ્રશ્ન-ઢીંચણ સુધી ફૂલોથી વ્યાપેલી યોજન

પ્રમાણુ સમવસરણુની ભૂમિમાં સાધુએ કેવી રીતે બેસી શકે? તેમજ જવા આવવાની ક્રિયા પણુ કેમ કરી શકે? કારણુ તેઓ નિર્મલ દયાને પાલતા હોવાથી છ જીવ નિકાયોમાંના કોઇ પણુ જીવને હણુવાનો સંકલ્પ પણુ કરતા નથી. અને આવવું, બેસવું, તથા જવું વિગેરે ક્રિયા કરવાથી તો ફૂલોના જીવોને જરૂર પીડા વગેરે થાય. ઉત્તર-ઉપર જણાવેલા પ્રશ્નનો કેટલાએક ઢુંઢક મતને અનુસરનારા લોકો એવો જવાબ આપે છે કે-"તે ફૂલો દેવોએ વિકુર્વેલા હોવાથી સચિત્ત હોતા નથી એટલે અચિત્ત હોય છે. માટે સાધુઓને ગમનાદિ કરતા જીવોનો વિઘાત કેવી રીતે લાગુ પડે?" પરંતુ એ જવાબ વ્યાજબી હોય એમ સંભવતું નથી, કારણુકે જમીન ઉપર પાથરેલા બધાયે ફૂલો દેવોએ વિકુર્વેલા એટલે વૈક્રિય શક્તિથી બનાવેલા જ છે. એમ ન કહી શકાય અને જો તેમજ હોય તો આગમના વચનને બાધ આવે છે. આગમ એટલે અરિહંતનું પ્રવચન એમ કહે છે કે દેવો જલમાં ઉપજેલા ફૂલોની અને સ્થલમાં ઉપજેલા ફૂલોની પણુ વૃષ્ટિ કરે છે. જુઓ તે પાઠ આ પ્રમાણે છે. **बिंटट्ठाईचि सुरभि, जलथलयं दिव्व कुसुम नीहारिं ॥ पकिरंति समंतेणं, दसद्धवण्णं कुसुमवासं ॥१॥** ભાવાર્થ-દેવો-સમવસરણુમાં-સર્વપ્રદેશમાં નીચાં ડીંટીયાવાળાં-સુગંધવાળાં અને જલ તથા સ્થલમાં નીપજેલા એવા પંચવર્ણી મનોહર પુષ્પોની અને દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરે છે. આ બાબતમાં કેટલાએક એવી કલ્પના કરે છે કે-'જે સ્થલે સાધુઓ બેસે છે, તે સ્થલે દેવો ફૂલોની વૃષ્ટિ કરતા નથી.' પણુ આ કલ્પના વ્યાજબી નથી. કારણુકે-સાધુઓ જે જગ્યાએ બેઠા હોય, ત્યાં જ કાષ્ટની માફક તેઓએ સ્થિર બેસી જ રહેવું જોઇયે, એવો કાંઇ નિયમ નથી. પરંતુ કારણુ પડયે તેઓનું જવું આવવું પણુ સંભવે છે. માટે આ બાબતમાં આવશ્યક નિર્યુક્તિની મલયગિરિજીની બનાવેલી ટીકા કે જેમાં આ પ્રસ્તુત બાબતને ચૂર્ણિનો પાઠ આપી સ્પષ્ટ કરેલ છે. તે ટીકામાં દર્શાવેલો સર્વ ગીતાર્થોને માન્ય ઉત્તર એ છે કે જેમ મહા મહિમાશાલિ અરિહંત પ્રભુના જ અતિશય, પુણ્યના પસાયથી જ એક યોજન જેટલી સમવસરણુની ભૂમિમાં પણુ અપરિમિત (ન ગણી શકાય એટલા) ચારે નિકાયના દેવો, મનુષ્યો અને તિર્યંચોને પરસ્પર સંકડાશ છતાં પણુ કોઇ પણુ જાતની ઇજા થતી નથી, તેવીજ રીતે ઉપર જણાવેલા કારણુથી ઢીંચણુ પ્રમાણુ પથરાયલા ફૂલોની ઉપર અનેક જીવો ચાલે છે, બેસે છે છતાં પણુ ફૂલોના જીવોને કાંઇ પણુ ઇજા થતી નથી. પરંતુ જાણે અમૃત રસથી સિંચાયા (છંટાયા) ન હોય, તેમ તે ફૂલો અત્યંત પ્રફુલ્લિત દેખાય છે. અહીં કેટલાએક કહે છે કે-સમવરણુમાં કોઈ સ્થલે જાલિબંધ હોય છે. અને કેટલાએક કહે છે કે-ક્યારારૂપે ફૂલો પાથરે છે. પણુ સિદ્ધાન્તોમાં કોઇ પણુ ઠેકાણે એવો ઉલ્લેખ નહિ હોવાથી વ્યાજબી

ન કહેવાય. ૧૭. અરિહંત પ્રભુના મસ્તકના કેશ (વાળ) તથા દાઢી-મૂછ-અને હાથ પગના નખો વધતા નથી (નિરંતર એકજ સ્થિતિમાં રહે છે.) ૧૮. અરિહંત પ્રભુની સેવામાં ઓછામાં ઓછા ચાર નિકાયના કરોડ દેવો તો જરૂર હાજર રહે છે. ૧૯. અરિહંત પ્રભુ-જે સ્થલે વિચરતા હોય, ત્યાં નિરંતર વસંત વિગેરે છએ ઋતુનાં મનોહર ફૂલ ફળ વિગેરે પ્રકટ થાય છે. એટલે ઋતુઓ પણ બધી અનુકૂલપણે વર્ત્તે છે. એ પ્રમાણે દેવોએ કરેલા ૧૯ અતિશયોનું સ્વરૂપ જણાવ્યું, સર્વ મલી જન્મથી ૪, ઘાતિ કર્મોનો ક્ષય થવાથી ૧૧, દેવકૃત ૧૯ એમ ૩૪ અતિશયો જાણવા. આ અતિશયોને શ્રી સમવાયાંગ સૂત્રમાં કહેલા અતિશયોની સાથે સરખાવતાં કોઇ કોઈ ઠેકાણે કાંઇ કાંઇ ફેરફાર જોવામાં આવે છે. પણ તે (ફેરફાર) મતાન્તરની અપેક્ષા એ છે એમ સમજવું, અને તે મતાન્તરનું કારણ સર્વજ્ઞ પ્રભુ જ જાણી શકે.

(અપૂર્ણ.)

# "ત્યાગ વૃત્તિ."

લેખક—દુર્લભજી ગુલાબચંદ મહેતા. (વળા)

( ક્યાંથી આ સંભળાય, મધૂર સ્વર, ક્યાંથી આ સંભળાય. એ રાગ )

ત્યાગવૃત્તિ મુશ્કેલ, જગત માંહે, ત્યાગવૃત્તિ મુશ્કેલ,
કાળ અનાદિના મોહથી બચવું, એ તો નથી કાંઇ સ્હેલ.
જગત માંહિં૦ એ આંકણી. (૧)

ચક્રવૃર્તિ સંયમ સીરીવરીયા, [1]ષટ ખંડ રીદ્ધિ વરેલ,
છોડવી ન ગમે [2]જર જર કંથા, જુઓ જગતના ખેલ. જગત૦ (૨)

દુઃખ દારિદ્ર પ્રતિકૂળ સંયોગો, વશ હોય સપડાએલ,
સહન કરત સંકટ અતિ ચેતન, મન તૃષ્ણાએ ભરેલ જગત૦ (૩)

ચારિત્ર પદ આરાધન [3]પૂરવે, ભાગ્યવશાત્ બનેલ,
આવી હૃદયમાં એ ભવિ જીવના, અલ્પ સંસાર કરેલ. જગત૦ (૪)

કર્મવશાત્ કોઇ ત્યાગ સ્વીકારી, હોય શીથીલ બનેલ,
તોપણ નિન્દવા યોગ્ય ન મુનિવર, લાવી મનમાં મેલ. જગત૦ (૫)

૧ છ ખંડની સાહીબી પામેલ. ૨ ફાટલી ગોદડી. ૩ પાછલા ભવે.

ધમ્મે શૂરા કમ્મે શૂરા, કરેમીભંતે ઉચ્ચરેલ,
માત્ર ત્યાગ વૃત્તિના પ્રભાવે, કઇક જીવો ઉદ્ધરેલ. જગત૦ (૬)

રાય રંક સુખીયા કે દુઃખીયા, જાણો ન ભેદ ભરેલ.
અનુમોદન કરવા લાયક એ, ત્યાગ વૃત્તિ પામેલ. જગત૦ (૭)

ધન્ય ભૂમિ આ [૪]વલ્લભીપુરની, પુસ્તકારૂઢ થયેલ,
[૫]કપૂર [૬]ભક્તિ [૭]સિદ્ધિ, [૮]ભદ્ર [૯]કાન્તી, [૧૦]જયંતવિજય નીકળેલ. જ૦ (૮)

[૧૧]ભાસ્કર [૧૨]રત્નાકર મુનિ અહિંતા, [૧૩]લાવણ્ય વિજય નીકળેલ,
વતની વળાની[૧૪] સાધ્વીઓ નવ, એ શુભ પંથે ચડેલ. જગત૦ (૯)

[૧૫]ઓગણી અઠ્ઠાણું વિક્રમમાં, માંગલિકય પ્રસંગ બનેલ,
પામી હિતશ્રીજી ગુરૂ ચરણા, ભાગ્યવશાત્ મળેલ. જગત૦ (૧૦)

[૧૬]માવજીભાઇ સુત ભૂપતની વહુ, ત્યાગ વૃત્તી પામેલ,
ફાગણ શુદિ પાંચમ શુક્રવારે, તજી સંસારની જેલ. જગત૦ (૧૧)

પેખી અનુમોદન કરે અહિંનો, સઘળો સંઘ મળેલ,
દિર્ઘાયુશ રહિ કાર્ય શુભ આ, સફળ કરો આદરેલ. જગત૦ (૧૨)

નિઃસ્પૃહિ બાળબ્રહ્મચારી વળાના, [૧૭]જયંતવિજયજી મળેલ,
દિક્ષા'અહિં'ત સ'હાથે'વખત'આ, સફળ કર્યો સાંપડેલ. જગત૦ (૧૩)

ધન્ય ધન્ય થઈ ત્યાગ વૃત્તિ, જસ મોહ પિશાચ હણેલ,
કાળ અનાદિના જન્મ મરણથી, એ ભવી જીવો બચેલ. જગત૦ (૧૪)

[૧૮]સર્વવિરતિ કે [૧૯]દેશવિરતિમાં, જે ભવિ જીવો રહેલ,
સફળ થાય "દુર્લભ" નર ભવ તસ, [૨૦]તીર્થપતિ ઉચ્ચરેલ. જગત૦ (૧૫)

---

૪ વલ્લભીપુર જ્યાં વર્તમાન સમયે વળા ગામ છે. ૫ સન્મિત્ર કર્પૂરવિજયજી. ૬ ભક્તિવિજયજી. ૭ પન્યાસ સિદ્ધિવિજયજી. ૮ ભદ્રવિજયજી. ૯ કાન્તિવિજયજી. ૧૦ શાંતમૂર્તિ બાળબ્રહ્મચારી જયંતવિજયજી. એ મુનિરાજો આ વળા ગામના જ વતની નીકળ્યા છે. ૧૧ ભાસ્કરવિજય. ૧૨ રત્નાકરવિજય. ૧૩ લાવણ્યવિજય, એમ વળાનાં. ૯ મુનિરાજો છે. ૧૪ વળાની વતની સાધ્વીઓ દીક્ષિત છે. ૧૫ સંવત ૧૯૯૮ માં. ૧૬ ઓસવાળ જ્ઞાતિના શાહ માવજી નરશીના દિકરા મહૂર્મ ભૂપતની વહુ લીલાવંતી ત્યાગ વ્રત્તિ પામ્યા અને તેમનું નામ સુબોધશ્રીની શિષ્યા તરીકે લાવણ્યશ્રીજી પાડયું ૧૭ જયંતવિજયજીના હાથે દીક્ષા અપાયેલ છે. ૧૮ સાધુપણું. ૧૯ શ્રાવકનાં બારવ્રત અંગીકાર કરવા આદિ વીધ ધર્મ. ૨૦ તીર્થપતિ=તીર્થંકરો ઉચ્ચારી ગયા છે.

# શ્રી જૈનાગમ પ્રશ્નમાલા યાને પ્રશ્નોત્તર કલ્પલતા

લેખકઃ-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૨૬૩ થી અનુસંધાન )

૭. પ્રશ્ન—આગમ એટલે શું ?

ઉત્તર—જેનાથી પદાર્થ તત્ત્વ સ્યાદ્વાદશૈલી પ્રમાણે જાણી શકાય, તે આગમ કહેવાય. કહ્યું છે કે-"आगम्यते परिच्छिद्यते वस्तु तत्त्व मनेने त्यागमः" જૈનાગમ શિવાયના આગમો એકાંત માર્ગની પ્રરૂપણા કરે છે, તેથી તે અપ્રમાણ છે. શ્રી જૈનાગમના (૧) આત્માગમ (૨) અનંતરાગમ. (૩) પરંપરાગમ. આ મુખ્ય ત્રણ ભેદ છે. તે ત્રણે ભેદો અર્થ પ્રરૂપણામાં અને સૂત્ર વાચનામાં આ પ્રમાણે ઘટાવવા-(૧) અર્થની અપેક્ષાએ શ્રી તીર્થંકર દેવને આત્માગમ હોય. કારણકે પ્રભુદેવ પોતે કેવલજ્ઞાન પામીને અર્થની દેશના આપે છે. અને (૨) શ્રી ગૌતમાદિ ગણધર દેવોને અનંતરાગમ કહેવાય. કારણકે શ્રી તીર્થંકરદેવની પાસેથી વ્યવધાન રહિતપણે તેમણે ત્રિપદીનો અર્થ ગ્રહણ કર્યો છે. (૩) પ્રભુ શ્રી મહાવીર દેવથી ત્રીજી પાટે થયેલા શ્રી જંબૂ સ્વામિ વિગેરેને પરંપરાગમ કહેવાય. કારણકે પ્રભુ શ્રી મહાવીરદેવની અને શ્રી જંબૂસ્વામીની વચમાં ગણધરોએ અર્થને ગ્રહણ કર્યો છે. આ રીતે આગમના ત્રણ ભેદો અર્થ દેશનામાં ઘટાવ્યા છે. હવે સૂત્રની અપેક્ષાએ ત્રણ ભેદ આ પ્રમાણે ઘટાવવા. ૧. ગણધરો બીજ બુદ્ધિના પ્રતાપે પોતે જ સૂત્રની રચના કરે છે, તેથી તેમને આત્માગમ કહેવાય. ૨. શ્રી ગણધરોના જંબૂસ્વામી વિગેરે શિષ્યોને અનંતરાગમ અને પ્રશિષ્યાદિને પરંપરાગમ કહેવાય. વિશેષ બીના શ્રી અનુયોગદ્વાર સૂત્ર તથા દેશનાચિંતામણિ અને શ્રી સિદ્ધચક્ર સ્તોત્ર સંદોહાદિમાં જણાવેલ છે.

૮. પ્રશ્ન—શ્રી જૈનાગમના પર્યાય વાચક શબ્દો કયા કયા સમજવા ?

ઉત્તર—વ્યવહારમાં જેમ-ઇંદ્રિપદના-શક્ર-હરિ-શચીપતિ વગેરે શબ્દો પર્યાય વાચક છે. એટલે એક અર્થને જણાવે છે, તેવી રીતે શ્રી જૈનાગમના નિર્ગંથ પ્રવચન-જિનશાસન-જૈન શાસ્ત્ર-જિનપ્રવચન-જિનશ્રુત-અનેકાંતાગમ-સ્યાદ્વાદાગમ-અનેકાંતશ્રુત-સ્યાદ્વાદશ્રુત-અનેકાંતશાસ્ત્ર-સ્યાદ્વાદશાસ્ત્ર વગેરે એક સરખા અર્થને જણાવનારા પર્યાયવાચક શબ્દો છે. સૂત્રનું વ્યાખ્યાન કરવાની પદ્ધતિમાં જેવી રીતે તત્ત્વ ( દરેક પદાર્થનું સ્વરૂપ ) અને ભેદ ( પદાર્થના પ્રકાર ) ને ગણ્યા છે, તેવી રીતે પર્યાયવાચક શબ્દોને પણ ગણ્યા છે. આ મુદ્દાથી પર્યાય શબ્દોને પણ જરૂર જાણવા જોઈએ.

૯. પ્રશ્ન—સૂત્રની પંચાંગીના પાંચ અંગો કયા કયા સમજવા ?

ઉત્તર—૧. સૂત્ર-૨. નિર્યુક્તિ-૩. ભાષ્ય-૪. ચૂર્ણિ-૫. ટીકા-આ રીતે સૂત્રાદિ પાંચે અંગો પંચાંગી શબ્દથી જણાવ્યા છે.

૧૦. પ્રશ્ન—સૂત્રાદિ પાંચેનું સ્વરૂપ શું સમજવું ?

ઉત્તર—૧-સૂત્ર સ્યાદ્વાદશૈલીએ થોડા અક્ષરોમાં ઘણો અર્થ જણાવે, તે સૂત્ર કહેવાય. કહ્યું છે કે-"**अल्पाक्षरै र्बह्वर्थान्सूत्रयतीतिसूत्रं** " તેના-ઉત્સર્ગાદિ પ્રકારો શાસ્ત્રોમાં જણાવ્યા છે. ૨. નિર્યુક્તિ-અર્થ સંકલનાની અપેક્ષાએ કયુ-પદ કયાપદની સાથે સંબંધ ધરાવે છે, આ જણાવવાનું કામ નિર્યુક્તિ કરે છે. એટલે નિર્યુક્તિ સૂત્રનો અર્થની સાથે સંબંધ જોડી આપે છે. તે જણાવે છે કે-આ સૂત્રનો આ અર્થની સાથે સંબંધ છે. (૧) શ્રી દશવૈકાલિક ૨. ઉત્તરાધ્યયન. ૩. દશાશ્રુત સ્કંધ ૪. બૃહત્કલ્પ. ૫. વ્યવહાર સૂત્ર. ૬. આવશ્યકસૂત્ર ૭. સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર ૮. આચારાંગ સૂત્ર. ૯. સૂત્રકૃતાંગ સૂત્ર. ૧૦. ઋષિભાષિત સૂત્ર, આ દશ સૂત્રોની ઉપર ચૌદ પૂર્વોના જ્ઞાનને ધારણ કરનાર શ્રી ભદ્રબાહુ સ્વામિ મહારાજે નિર્યુક્તિઓ રચી છે. તથા તેમણે મૂલ સૂત્ર બે બનાવ્યા છે. ૧. કલ્પસૂત્ર. ૨. વ્યવહારસૂત્ર. નિર્યુક્તિની રચના કરવાનો અધિકાર ચૌદ પૂર્વધરોને જ હોય છે. તે ગાથાબદ્ધ હોય છે. ૩. ભાષ્ય-નિર્યુક્તિનું સ્પષ્ટીકરણ ભાષ્યમાં હોય છે. એટલે ભાષ્ય-નિર્યુક્તિના અર્થને કંઇક સમજાવે છે. જેમ કે-નિશીથ ભાષ્ય-બૃહત્કલ્પ ભાષ્ય-વ્યવહાર ભાષ્ય-પંચકલ્પ ભાષ્ય-વિગેરે તેના રચનારા આચાર્ય ભગવંતો મહા જ્ઞાની હોય છે. ભાષ્ય-પ્રાકૃત ગાથાબદ્ધ હોય છે. અપવાદ તરીકે તત્ત્વાર્થ ભાષ્ય-ગદ્ય સંસ્કૃતમાં પણ છે કરેમિભંતે સૂત્રનું નામ સામાયિક સૂત્ર છે. તે છ (૬) આવશ્યકનો ભેદ હોવાથી વિશેષાવશ્યક કહેવાય છે. તેની ઉપર શ્રી જિનભદ્ર ગણિ ક્ષમા શ્રમણે ભાષ્યની રચના કરી છે.

૪. ચૂર્ણિ—ભાષ્યની બીનાને કંઇક વિસ્તારથી સમજાવનાર ચૂર્ણિ ગ્રંથો-છે. આવશ્યક-નંદી-અનુયોગ દ્વાર-ઉત્તરાધ્યયન-ભગવતી-દશવૈકાલિક-જીતકલ્પ વગેરે સૂત્રોની ચૂર્ણિ મળી શકે છે-તે ચૂર્ણિઓના રચનાર પ્રાયે કરીને જિનદાસ ગણિ મહત્તર વિગેરે પૂર્વાચાર્ય ભગવંતો છે. ચૂર્ણિમાં-પ્રાકૃત ભાષાની અધિકતા હોય છે. આ ગદ્ય રચનામાં કોઇ કોઇ સ્થલે સંસ્કૃત ભાષાનો પણ પ્રયોગ થયેલો જણાય છે.

૫. ટીકા—ટીકા ગ્રંથો નિર્યુક્તિ આદિને સંપૂર્ણ વિસ્તારથી સમજાવે છે.

પ્રભુદેવ શ્રી તીર્થંકર ભગવંતોના મુખ્ય શિષ્ય-ગણધર મહારાજા-પોતે અર્થ સ્વરૂપ મેળવેલી ત્રિપદીને વિસ્તારથી સમજાવવાને સૂત્રની રચના કરે છે. એટલે બાર અંગ સૂત્રોની રચના કરે છે. જેવી રીતે તીર્થંકર દેવો-કેવલ જ્ઞાન પામે, ત્યારે પોતાનો કલ્પ જાણીને પ્રથમ દેશના આપે છે, તેવી રીતે દરેક ગણધર મહારાજા-પોતાનો કલ્પ(આચાર) સમજીને સૂત્રની રચના કરે છે. તેનું યથાર્થ રહસ્ય સમજવાને માટે વિધિપૂર્વક નિર્યુક્તિ વગેરેનો અભ્યાસ કરવો જોઇએ.

(અપૂર્ણ.)

# સંસાર ચીતાર અને મુક્તિનાં સુખ

પૂ. આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરના પ્રશિષ્ય.

લેખક—**મુનિશ્રી રામવિજયજી. ખંભાત.**

( પુ. ૨ અંક ૨ ના પૃષ્ઠ ૫૧ થી અનુસંધાન. )

સપ્ત નયને ચાર નિક્ષેપા, સપ્તભંગી દ્વિવિધ પ્રમાણ.
ભાવથી વ્યંજન મધુર રસથી, તૃપ્તિ પામે કેવળનાણ.
ગુણસ્થાનો મુખ વાસો સારા, દ્રવ્ય ભાવ અન્નપાક જ સાથ.
ગુણ શ્રેણી પાનો ચાવંતા, મુક્તિ સુંદરીનો પકડે હાથ. (૧૫)

મિથ્યાત્વ જ્વરથી સુંદર ભોજન, જીવ્હા અમીરસ ન ધરે અગ્ર.
સ્વાદ અનુભવ ન લહે આતમ, કર્મવશથી ચિતડા વ્યગ્ર.
મૃગ કસ્તુરિયા નાભિ સ્થાને, કસ્તુરીનો વૃંદ અનુપ.
ઢુંઢત ઢુંઢત પર્વત ખીણો, મુરખ ન લહે સત્ય સ્વરૂપ. (૧૬)

એક દિન કર્મ પરિણામી રાજા, જાએ સાર્વભૌમ મંદિર.
શાસન સમ્રાટ શાસન ધોરી, ધર્મ મહારાજા મહા વડવીર.
સુણો મહારાજા કરૂં નિવેદન, જગમાં આશ્ચર્યોની વાત.
ખોટાં સુખો ભ્રમ ભ્રાંતિથી, માને છે તે દિન ને રાત. (૧૭)

સુંદર ખાનપાન વળી આપ્યા, આપ્યા તંબોલ મન ધરી ખંત.
આવાસ શય્યા નાટક નાચો, સુખને દુઃખજ ગણે છે સંત.
કાચ કામળા રોગી લોકો, દેખે શ્વેતને પીળે વર્ણ.
મન ભ્રાંતિથી ભ્રમણા પ્રગટે, સુણો સજ્જનો એકજ કર્ણ. (૧૮)

સાંભળી અરજી ઉરમાં ધરતા, આજ્ઞા કરે છે ધર્મ ભૂપાળ.
સાંભળો મંડલિક રાજા પ્રેમે, વાત તણો તમે કરજો ખ્યાલ.
અલ્પ પણ તમે તાત્વિક ભોજન, આપો પકડી મુખ મોઝાર.
સ્વાદ જ લેતાં લહેજત પામે, માગશે ભોજન હર્ષ અપાર. (૧૯)

ધર્મ રાયની આણા માની, સર્વ પ્રપંચો કરે છે ભૂપ.
ભ્રાંતિજાતાં સાચા સુખડા, પાંચે લે છે ભાવ અનૂપ.
મિથ્યાત્વ જ્વર દેશવટાને, પામ્યો ભયથી દૂરે જાય.
અન્ન અરૂચી જાય ત્વરાથી, રૂચી પ્રગટે સત્ય સ્વરૂપ. (૨૦)

યથા પ્રવૃત્તિકરણે, ભોજન આપ્યું, પ્રથમ જ વધતે ભાવ.
અપૂર્વકરણ, અનિવૃત્તિકરણો, ભોજન આપ્યા પામી પ્રસ્તાવ.

અંતર કરણુના પ્રથમ જ કવલે, પામે સમકિત જીવ જરૂર.
અનંત પુદ્ગલ પરાવર્તનના, અર્ધે આંટે આવે હજુર. (૨૧)
દેશવિરતિને સર્વવિરતિના, ગુણસ્થાનકો પામે ધીર.
મન વચન ને કાયા યોગો, રૂંધે શુકલે તત્વે વીર.
ઘનઘાતી વાદળના યૂથો, પ્રચંડ વાયરે કરે સંહાર.
જળહળતો રવિ પ્રગટે અંતર, અજ્ઞાનતિમીર જાયે દૂર. (૨૨)
આઘાતી કર્મ બળેલા દોરા, અડતા રક્ષા થાય જરૂર.
અષ્ટવિધ કર્મો દૂરે જાતાં, મુક્તિ રમણી આવે હજુર.
સાદિ અનંતે સિદ્ધી સોહે, અંતિમ ધ્યેય પ્રગટે પૂર.
જન્મ મરણુના ત્રાસો જાવે, તૈલપાત્રથી થાય ચતુર. (૨૩)
ઉપનય સારા તત્વદષ્ટિથી, મનમંદિરે પ્રગટયો દીપ.
ચોવીસ શિખા કડીઓ સ્થાને, હું વર્ણવું છું ગુણુના ધિપ.
મહા મંગલના મંગલિક ઠામે, આસો માસના દિવસો આજ.
ઉપનય ભાવી દિલડે ઠાવી, મન મંદિર મહારાજ. (૨૪)
ગુરૂગમ દ્વારા ઉપનય સારા, સમજે તત્વ ગવેષક બુદ્ધ.
સંસાર ચિતાર મુક્તિ સુખના, આદર્શથી લેવે શુદ્ધ.
**ગોધરા** ગામે **શાંતિ** પસાયે, કવિજન ગાવે કંઠ મધુર.
**નેમિ અમૃત રામ** હૃદયમાં, સિદ્ધચક્ર ભક્તિ ભરપુર (૨૫)

(ઇતિ સંપૂર્ણમ્)

## ધર્મ્ય વિચાર

**લેખકઃ-ઉપાધ્યાય શ્રી સિદ્ધિમુનિજી.**

(ગતાંક પૃષ્ઠ ૨૬૫ થી અનુસંધાન.)

એક નીતિને લાત મારનાર અને ગમે તેવા પ્રેમની પાછળ મરી પડનાર કવિ પોતાની બ્હેનને ઉદ્દેશી ગાય છે કે, 'સૌભાગ્ય કરતાં વૈધવ્ય વધારે ભલું ને સમુજ્જવલ છે.' શા માટે આમ ગવાયું છે તેનું હાર્દ તે કવિ કરતાં પણ વધારે વિવેકથી વિચારવું જોઇએ. કોણ કહી શકશે કે, એક કરાર પૂર્વકની મીઠી યાદની સાથે ધર્મમય જીવન ગુજારવામાં નિરસતા છે. વિધવાનાં મીઠાં સંભાર-

ણુંના આંસુ સાથે પ્રભુ તરફનો, સદ્‌ગુરૂ તરફનો, જગતના સર્વ જીવો તરફનો, નિર્મળ પ્રેમ જે સરસતા ઉપજાવે છે, તેવી સરસતા આ દુનિયામાં અન્ય પ્રકારનો પ્રેમ ભાગ્યે જ ઉપજાવી શકે. સાધ્વીઓના સરસ જીવનના અંશો આ વિધવા જીવનમાં રહેલા હોય છે. તેથી તેઓને કંટાળાભરી નિરસતા ક્યાંથી ઉપજે ? કવચિત્ જે કંટાળો અને નિરસતા આવતી દેખાય છે, તે આ બૂરા સંસારે તેમને, વિધવાઓને ન ઘટતી એવી કેટલીક બાબતો શીખવી રાખેલી હોય છે તેનું જ પરિણામ છે. ઘરની અમર્યાદાઓ, વિષયની વાતોનો પ્રસંગ, નોકરો અને આવતા જતા પરજનોનો અયોગ્ય પરિચય, ચારિત્ર્યઢોંગી ઉપદેશકોનો સમાગમ, ચારિત્ર્યહીન સ્ત્રીઓનો સહવાસ કે સખ્ય, સાદાઈનો ત્યાગ, ઉત્તેજક ભોજનની લાલસા, અયોગ્ય પુસ્તકોનું વાંચન, જીવનને યોગ્ય જરૂરાતોની તંગાશ, દબાતી રાખવાની ખાતર ઉપજાવી કાઢી દેવાયલાં આળ-કલંકો, બાલ્યાવસ્થાનાં કે સધવાપણાનાં ઘર કરી રહેલાં ઊંડાં અજ્ઞાનો, સમાજનાં મિથ્યાભિમાનો, સમાજ તરફથી કરાતો તિરસ્કાર, પ્રસંગે અપ્રસંગે કુટુંબમાં કે સ્વજનોમાં થતો અનાદર, નીતિ ધર્મ વિહીન શિક્ષણ, ધાર્મિક ભાવનાનો અભાવ, સંબંધીઓના અનાચાર, પુરૂષોની વ્યભિચારી છેતરપીંડી, ધર્મનીતિનો દુરૂપયોગ; વગેરે વગેરે અનેક કારણો વિધવાઓનું પતન કરાવવાને કારણ બને છે. આ બધાંને ઠેંસ મારી કેક પુનીત બ્હેનો નિજ પવિત્રતા સાચવવાને અત્યાગ્રહ અને જબ્બર લાગણીથી પ્રયત્ન કરે છે, મથે છે, અને તેનું પાલણ પણ કરે છે. સમાજ જો તેમને અધિકાધિક વ્યવસ્થા કરી આપે તો આ ધન્યવર્ગ કેવો દૈવી બની રહે ! એમનાં ઉજળાં જીવનો આર્યદેશને ઉજામી કયા કયા લાભો ન સમર્પે ? એમને યોગ્ય જોઇતું બધુંય આપવું જોઇએ. વિષયને પોષે, હૃદયને બ્હેકાવે, ધર્મ ને નીતિને વિસરાવે એવું કાંઈ પણ મિથ્યા દયાથી કે મમતાથી તેમને આપવું એ ખરેખર જબરૂં, શિયળનું જીવલેણ કુપથ્ય છે.

વિધવા વિગેરેના જીવનને ભ્રષ્ટ કરનારો કયો વર્ગ સંભવિત છે એ પરિપાર્શ્વવર્તીઓએ લક્ષ્યમાં રાખવું જોઇએ. ઘણા ભાગે તેમના પતિનો–દયા દર્શાવનાર કે ટાંપુટૈયુ કરનાર કહેવાતો મિત્ર, જ્ઞાન અપાવવાના હેતુએ રોકેલો અપરિણીત, અઠરેલ માસ્તર કે ઉપદેશક, તેના પતિનો અતિ નજીકનો કાંઇ કાંઈ જરૂરીયાતની ચીજ લાવી દેતો સગો, દુષ્ટ લજ્જાહીન કે અકુલીન પાડોશી, સધવાપણામાંનો ટોળટીખળીયો મજાક ઉપજાવતો મ્હોબતી કે અનુચિત સંસર્ગશીલ, 'બ્હેન'નું કલ્પિત શબ્દોચ્ચારણ કરી પ્રસંગે અપ્રસંગે અવરજવર કરનારો, ઘરનો રસોઇયો, ઘરનાં કે પેઢીનાં કામકાજ કરનાર નોકર કે ગુમાસ્તો, વગેરે વગેરે વિધવાના જીવનમાં કલંક ઉપજાવનાર નીવડે છે. સવડની ખાતર કોચમેન કે ડ્રાઈવર પણ આમાં જોડાય છે કે કારણ બને છે. આવા લોકોના વધતા જતા સંસર્ગથી ઈંગિતાકારના અભ્યાસી બની વડીલોએ વિધવાદિને બચાવવાં જોઇએ.

વિધવાદિએ પણ આ લોકોથી વધારે સાવચેતીપૂર્વક વર્તવું જોઇએ. આવા લોકોમાં વાસ્તવિક પ્રેમનો છાંટો ય હોતો નથી. તેઓ ફક્ત હડકાયા કુતરાની જેમ કે દારૂ પીધેલાની જેમ આવી વળગે છે અને અવસરે ખસી જઇ વિધવાદિના જીવનની ધુળધાણી કરી મેલે છે. આમની સાથે પ્રસંગે બોલતાં હસવાની, તેઓની હાજરીમાં વસ્ત્રો બદલવાની કે સ્નાન કરવાની અથવા કેશ સમારવાની કે ઉઘાડા અંગે બેસવાની બહુ જ સાવચેતી રાખવી જોઇએ. તેમની આગળ પોતાના ભૂતસંસારની કે અગવડની અથવા પિયર સાસરીયાં તરફની છુપી વાતની બાબત કદિપણ ભૂલેચુકે ન ઉકેલવી. તેઓ તેમાંથી કાંઇના કાંઇ છિદ્રો શોધી મિથ્યા દબાણ વગેરેથી ફસાવે કે ફસાવવાનો પ્રયત્ન કરે, માટે આવાં આવાં કારણોથી સદા સાવધ રહેવાની ખાસ આવશ્યક્તા છે. પવિત્ર સમજાયેલામાંથી પણ કામના દુર્નિવારપણાથી પાછળ કયારેક અપવિત્રતા દેખાઇ આવે છે. માટે એકાંત ન કરવી કે ન થવા દેવી, વ્યંગ્યમાં કે અનુચિત કુશીલભાવ શીઘ્ર તરી આવે એવા શબ્દાર્થમાં કદિ કોઇ સ્ત્રીએ પુરૂષની સાથે વાત ન કરવી કે અમથી પણ ન બોલવી, તેમની સ્ત્રીઓ કે તેમનાં વિવાહ લગ્નાદિ સંબંધી કાંઇ પણ ન બોલવું, તેઓના વર્તનની તરફ ગૃહકાર્યની હાનિના ઉપયોગ સિવાય નજર જ ન નાખવી, એમની સાથે જેટલો પ્રસંગ પાડવાની ખાસ જરૂરીયાત હોય તેથી જરી પણ અધિક પ્રસંગ પાડવા તેઓ ચાહે, તો ત્યાંથી વિચારપૂર્વક તેનો તોલ કરી અવગણના સાથે ખસી જવું કે તેઓને ખસેડી દેવા. મુખ્ય રીતે વિધવાઓને માટે લખાયલું આ બધું સધવાઓને તથા 'પુરૂષ શું છે' એ સમજનારી બાળાઓ–કન્યાઓને પણ સંપૂર્ણ લક્ષ્યમાં લેવા જેવું છે. તેમને પણ વિધવા જેટલી જ શીલોપયોગિતા છે. મુખ્ય રીતે વિધવાઓ આ લેખનું લક્ષ્ય છે તેનુ કારણ એ છે કે, ઉપરોક્ત પરિચયમાં રહેનારા વર્ગમાંથી કોઈક હલકટ મનોવૃત્તિવાળો હોય કે થાય તો, તે વિધવાને ન ધણીયાતી હોવાના કારણે વિકારશીલ કલ્પી તેને આકર્ષવાનાં કારણો ઉપજાવે છે. વિધવાએ ભાઈ, બાપ, પુત્ર સિવાય અન્ય પુરૂષના સ્પર્શને સદાય ટાળવો જોઈએ. ભાઇ, બાપ વિગેરેની સાથે પણ એકાંત કરવાને નીતિ ના પાડે છે, તો પછી બીજાની સાથેની એકાંત વિષે તો કહેવું જ શું? જગતમાં જેને સારી રીતે અને ઉત્તમ રીતે જીવવું છે તેને અવશ્યમેવ બંધન અને પરાધીનતા જોઇએ જ. (અપૂર્ણ.)

## સાધુ સાધ્વી ગણને વિજ્ઞપ્તિ.

ચાતુર્માસના જે સાધુ સાધ્વીઓએ અમારી ઓફીસે ઠેકાણા ન મોકલ્યા હોય તેઓને સત્વર મોકલવા વિજ્ઞપ્તિ છે. કે જેથી માસિકદ્વારા જાહેર કરી શકીએ.

–તંત્રી.

# शास्त्रसम्मत मानवधर्म और मूर्त्तिपूजा.

लेखकः—पू. मु. श्रीप्रमोदविजयजी महाराज. (पन्नालालजी)

( ગતાંક પૃષ્ઠ ૨૬૭ થી અનુસંધાન. )

कदाचित् मुसलमान लोग मसजिद् में मूर्ति की स्थापना करना पसंद नहीं करते हों तथापि यह मानने में कदापि संकोच नही करना चाहिये कि उनकी सारी मसजिदें और कबरें ही मूर्तिमय है। सारी मसजिद की एक एक इंट को वे पवित्र मूर्तिवत समझते है और उसके निमित्त जीवन सर्वस्व अर्पण करने के लिये भी सतत कटिबद्ध रहते है। इसके अनेक उदाहरण प्रत्यक्ष समाचार पत्रों में दृष्टि गोचर होते ही है। मुसलमान तो क्या किन्तु क्रिश्चियन भि मूर्तीपूजा से वंचित नहीं रह सके है। ये लोग अपने मुंहसे बोलकर भलेही उसका निषेध करदें किंतु उनकी अन्तरात्मा उसको कदापि स्वीकार न करेगी क्रिश्चियन लोगो में भी दो मत है एक मूर्ती को महत्व देने वाला और द्वितीय मूर्तिपूजाका निषेध करने वाला। मूर्ती को महत्व देने वालों में रोमन केथोलिक हैं और उसका निषेध करने वालोंमें प्रोटेस्टेण्ट हैं। प्रोटेस्टेण्ट क्रिश्चियन ईशू-क्राइस्टको शूली पर लटकती हुई आकृति सूचक क्रॉस चिन्हको महत्व और पूज्य दृष्टिसे देखते हैं उसके सामने प्रार्थना करनेमें गौरव समझते हैं। उसका किंचित भी अपमान नहीं सहन कर सकते हैं। क्रिश्चियनोंका क्रॉस चिह्न ही मूर्ति है। जब वे मूर्ति को स्पष्ट स्वीकार करते हैं तो उसका निषेध कैसे कर सकते हैं इतना ही नहीं वे अपने प्रसिद्ध तीर्थस्थान जेरुसलम में यात्रार्थ जाके और भक्तिपूर्वक तत्र स्थापित क्रॉस चिह्नका चुम्बन करते है ये सब प्रकार प्रकारांतर से मूर्तिपूजा के साधक ही हैं। हम देखते हैं कि अनेक गिर्जाघरों में ईसामसीहका चित्र लगा रहता हैं वे लोग उसको उच्चासन पर स्थापित करते हैं उसके सामने सुगंधित द्रव्य से धूप देते हैं मोमबती जलाते हैं पुष्पहार चढाते हैं और प्रार्थना भी करते हैं क्या यह भि मूर्तिपूजा नही है? मानव हृदय भी आज तक मूर्तिपूजक रहा है और अन्त तक रहेगा। कोई भी सभ्य समाज इसका खण्डन नहीं कर सकता है। जिस इसामसीहने मूर्तिपूजा के विरुद्ध सिर उठायाथा और उसके लिये पूर्ण प्रयत्नसे प्रचार भी किया था किंतु आज उसीके अनुयायी उसी की मूर्ति को और तदा कृति संकेतित क्रॉस की पूजा करते है। उसे आदर देते हैं। इतना ही नहीं उसके शिष्य समुदाय में से सोक्रेटीज (शुक्र रात) ने तो अनेक प्रसंगो से और प्रमाणों द्वारा मूर्तिपूजा के महत्व को बहुत बढाया है और उसकी सिद्धि तथा मंडन भी किया है। वर्तमान में भी अपने को ईशूक्राइष्ट की संतति या वंशज कहनेवाले अनेक क्रिश्चियन लोक पर्याय भेद से मूर्ति के अवलंबन से ही काम ले रहे हैं और मूर्ति के अवलंबन द्वारा ही उसका प्रचार कर रहे हैं। मुसलमानों और क्रिश्चियनों के अतिरिक्त यहूदी और पारसी लोक भी मूर्तिपूजक

ही हैं। पारसी लोग अग्नि देवका बहुत आदर सत्कार करते हैं अपने पैगम्बर जरथोस्त्र का सुंदर फोटो (चित्र) भी रखते हैं साथही सूर्यदेव की भी पूजा करते हैं क्या मूर्तिपूजा इन से कोई भिन्न पदार्थ है? किसी भी साकार पदार्थ की या इष्ट देवकी प्रतिमाकी पूजा मूर्ति की पूजा ही है। मूर्ति पूजा इतने से संकुचित क्षेत्र में ही सीमित न रह सकी किंतु उसने अपना आधिपत्य सारे यूरोप पर भी जमा लिया था जिसके प्रमाण में आज भी भूगर्भ से विविध २ प्रान्तों और राष्ट्रों में विविध प्राचीन जैन मूर्तियां निकलती हैं। आष्ट्रीया, बुडापेस्ट, अमेरिका, श्याम, इजिप्ट, (मिश्र) देश, ग्रीस, रोम, इङ्गलैण्ड, आयर्लैण्ड, स्काट-लेण्ड, फ्रांस, तुर्कस्थान, अरबस्थान, जावा, सुमात्रा, सीलोन, काबुल, जापान, लंका, ईरान, स्पेन, मेड्रिड, नोर्वे, स्वीडन, मेक्सिको और चीन आदि राष्ट्रो में भी मूर्तिपूजा प्राचीन काल में थी और वर्तमान में भी है उक्त सर्व देशो में कोई अग्नि की, कोई सूर्य की, कोई लींग की, तो कोई विष्णु की पूजा करते हैं तात्पर्य यह है कि कोई किसीकी भी पूजा क्यों न करे किंतु मूर्तिपूजा को सारा संसार ही आदर की दृष्टि से देखता है। यूरोप के भिन्न २ भागों में भिन्न २ विधि विधानों से मूर्तिपूजा की जाती है। यूरोप की मूर्ति-पूजा में तो किसी को संदेह भी नही हो सकता है। न केवल यूरोप ही मूर्ति को महत्व देता था किंतु अखंड भारत भी मूर्ति पूजक ही था। कबीर पंथी और नानक पंथी जिसले मूर्ति पूजा के विरोधी माने जाते है वे भी अपने पवित्र धर्मस्थान में अपने पूज्य पुरुषों की समाधियां बनाकर उनकी विविध द्रव्य सामग्री से पूजा करते हैं। अनेक श्रद्धालुजन अपने स्मरणीय स्मारकों के दर्शनार्थ आते है सिक्ख एवं कबीर पंथी लोग न केवल समाधियां ही बनाते हैं किंतु अपने पूज्य पुरुषों की पादुका को स्थापन कर वंदन करते हैं। शास्त्रको उच्चासन पर स्थापित कर उसको मूर्ति वत् पूजा करते हैं अब बताइये कि ये सब प्रयत्न मूर्तिपूजा के ही उत्तेजक और द्योतक नहीं तो और क्या है? पादुका और समाधियों को जो वंदन करते हैं वे पूज्य बुद्धि से करते हैं या केवल पत्थर समझकर ही? मस्तक जो नमाया जाता है वह गुरु बुद्धिसे ही नमाया जाता है। यदि पत्थर समझकर कोई मस्तक नमाता है तो यह उसका भ्रममात्र ही है। सिक्खो और कबीर पंथियों के अतिरिक्त आर्य समाजी भी मूर्तिपूजा की विरोध रुपा कलंक कालिमा से वंचित नहीं रह सके हैं इन पर भी उक्त विरोधियों का प्रभाव अवश्य पडा है ऐसा स्पष्ट झलकता है किंतु क्या ये वास्तव में मूर्तिपूजा के विरोधि ही हैं या उसके अनुमोदन भी हैं? मेरा प्रत्यक्ष अनुभव एवं अनुमान तो यही है कि ये मूर्ति पूजा के विरोधक न होकर उसके अनुमोदक ही हैं कारण अनेक जाहिर पब्लिक व्याख्यानो में, सभा सोसाइटियों में, जयंत्युत्सवों में और तत्संबंधित जुलूसों में स्वामी दयानंद सरस्वती के फोटो(चीत्र) को सुंदर पुष्प हारों से पूजित एवं शृंगारित करके उसे उच्च पदा-सीन कर पालखी और सवारी आदि में रख शहर में चारोकोर फिराते हैं।

क्या इस प्रकार करने में उनका यह उद्देश्य नहीं रहता कि सब लोग हमारे पूज्य पुरुष के मंतव्यों का अनुकरण करें? यदि इस प्रकारकी कोई भावना ही नही रहती है तो उनका इतना प्रयत्न ही श्रममात्र है। क्या आर्य समाजियों की अन्तरात्मा इस बातकी साक्षी दे सकती है कि दयानंद सरस्वती के चित्र का इतना मान सन्मान करना मूर्तिपूजा का प्राकारान्तर नहीं है? कहना ओर वस्तु हैं और तदनुसार आचरण करना और वस्तु है। कहने में और करनेमें दिन रात का अंतर है। कहना जितना सरल है करना उतनाही कठिन है। कहने में समय नहीं लगता किंतु करने में युग के युग व्यतीत होते हैं। इनके बाह्य कृत्यों से स्पष्टसिद्ध होता है कि ये लोग वास्तव में मूर्तिपूजा की उपासना करते हुए भी अपने दुराग्रह वश उसका विरोध करना नहीं छोड़ते। चित्रको पूज्यभाव से उच्चपदासीन कर गांव में चारोंओर फेरना, सभा में जयंत्युत्सव पर उसका सन्मान करना, अपने २ घरोंमें स्वामीजीके फोटोको लगाकर प्रतिदिन प्रातःकाल उनके दर्शन करना उनकी पूजा करना ए क्या मूर्तिपूजा नहीं है? आर्यसमाजी ही मूर्तिपूजक नहीं किंतु स्थानकवासी भी जो कि अपनेको मूर्तिके कट्टरविरोधी बतलाते हैं मूर्तिपूजाके अनुमोदक ही हैं। स्थानकवासियोंके स्थानकोंमें कितनेही साधु साध्वियोंके फोटो लगे हुए नजर आते हैं। फोटो ही नहीं किंतु मारवाड, मेरठ, पंजाब, मेवाड आदि भिन्न २ प्रांतोंके ग्रामोंमें स्थानकवासी साधुओंकी समाधियां, पादुकाएं, मूर्तियां और चित्र आदि बनाकर उनकी द्रव्य भावसे पूजा की जाती है जिसके प्रमाण अद्यावधि भी विद्यमान है। इन समाधियों और पादुकाओंके दर्शनार्थ अनेक श्रद्धालु एवं भक्त लोग दूर२ से आते हैं। क्या उक्त दर्शनार्थी पूज्यबुद्धिसे नहीं आते हैं? ऐसा कौन अभागी होगा जिसको अपने धर्म के प्रतिष्ठित व्यक्ति के प्रति श्रद्धांजलि, पूज्य बुद्धि और भक्तिभाव न होगा? अरे! पूज्य पुरुषों के चित्र बनाने व मूर्तियां बनाने का उद्देश्य और तात्पर्य यही रहता है कि हम भी इन पूज्य पुरुषों की मूर्तियों को देखकर अपने हृदयको निर्मल बना इन्हींके समान निर्मल गुणों का पालन करसकें।

अपूर्ण.

---

# તીર્થ-સ્તુતિઓ.

રચયિતા—**મુનિરાજ શ્રી સુશીલવિજયજી.** (છાણી)

## હરિગિત છંદમાં.

### [શ્રી અષ્ટાપદ તીર્થની સ્તુતિ]

જ્યાં રત્નમય, સમમાન ચોવીશ, બિંબ સોહે જિન તણા,
થયું મોક્ષ કલ્યાણક તીહાં, સુત નાભિ રાજેન્દ્ર તણા;
જિન નામ બાંધ્યું રાવણે, ગૌતમ તર્યા યાત્રા કરી,
તે તીર્થ **અષ્ટાપદ** પ્રભાતે, વંદીયે ભક્તિ ભરી. [૧]

[ શ્રી સિદ્ધગિરિ તીર્થની સ્તુતિ ]

મોટું જગતમાં વિમલગિરિનું, તીર્થ સોહે શાશ્વતું,
કળીકાળમાં પણ એજ તીર્થ, જગત માંહે જાગતું;
અણસણ કરી મુનિવર અનંતા, સિદ્ધ પદ જ્યાં પામતા,
તે સિદ્ધગિરિ તીર્થને, પ્રણમો સદા રાજી થતા. [૨]

[ શ્રી રૈવતગિરિ તીર્થની સ્તુતિ ]

ચારિત્ર–કેવલ–મોક્ષ, ત્રણ કલ્યાણકો પ્રભુ નેમિનાં,
જ્યાં પદ્મનાભાદિક જિનવર, સાધશે સુખ મુક્તિનાં,
મહિમા અનુત્તર તેહનો, ત્રણ ભુવન માંહી ગવાય છે,
રૈવતગિરિ તે વંદતા, મુજ હૃદય અતિ વિકસાય છે. [૩]

[ શ્રી સમેતશિખર તીર્થની સ્તુતિ ]

જ્યાં આવી વીશ તીર્થંકરો, વર્તમાન ચોવીશી તણા,
અણસણ કરી શિવપુરીએ, સિધાવીયા સર્વે જણા;
પ્રભુ પાદુકાઓ અને સામળા–પાર્શ્વ, મંદીર હાલ ત્યાં,
સમેતશિખરે તીર્થે સોહે, નમન હોજો મ્હારા ત્યાં. [૪]

[ શ્રી કદમ્બગિરિ તીર્થની સ્તુતિ ]

ગઇ ચોવીશીમાં સંપ્રતિ પ્રભુના, કદમ્બ ગણીશ્વરા,
મુનિ એક કોડી સાથ પામ્યા, મુક્તિના સુખડા ખરા;
તેહ કારણ કદમ્બ નામે, શોભતો જ **કદમ્બ** આ,
ગિરિને તિહાંના બિંબ પ્રણમો, પ્રેમથી ભવિ પ્રાણિઆ. [૫]

# મનસાગરનાં મોજાં.

લેખકઃ—બાપુલાલ કાળીદાસ સધાણી.

( ગતાંક પૃષ્ઠ ૨૬૯ થી અનુસંધાન. )

એક રાજા, અમલદાર કે શ્રીમંત અમુક બાબતમાં બોલ્યા પછી ફરીજાય તો તે વ્યવહારજ્ઞ, બાહોશ, અને મુસદ્દી ગણાય અને એક અભણ ખેડુત કે નોકર તેજ બાબતમાં બોલ્યા પછી ફરેતો ખુટલ, બદમાસ ગણાય, એમ શા માટે ? આનું કારણ એ છે કે. જ્યારે મોટોવર્ગ લોભને લીધે અથવા બીજા કોઈ કારણે ફરે છે. ત્યારે દાંભિકવૃત્તિ ધારણ કરી વાણીની છટાથી પોતાના દોષને જાણતો હોવા છતાં બચાવ કરવા નીકળે છે. ત્યારે નાનો વર્ગ ન છુટકે ફરે છે. પણ એ પોતાના દોષને વાણી વિલાસથી છુપાવવાનો પ્રયત્ન નહિ કરતાં દીનવદને ઉભો રહે છે. એટલે દુનિયા એને બદમાસ, ખુટલના ખિતાબ

એનાયત કરે છે. આથી જ "બોલે એનાં બોર વેચાય અને ન બોલે એની કેરીયે ન વેચાય" ની કહેવત અત્રે લાગુ પડે છે. પણ ખરી રીતે તો મોટો વર્ગ ખુટલાઇથી જ છુટે છે. અને વળી એનો બચાવ કરે છે. એટલે એ ખરેખરો ખુટલ, લુચ્ચો અને દાંભિક છે. ત્યારે નાનો વર્ગ ઘણેભાગે પોતાની કંગાલીયતથી જ છુટે છે. અને ઢાંકપીછોડો કરતો નથી. એટલે તે ખરેખરો નિર્દોષ અને માણુસાઇ ભર્યો છે. પણ તે કેટલીકવાર ઘણો અન્યાય ગુલામી માનસને લીધે જ સહન કરે છે, એટલે તેને ગુલામ કહેવો પડે છે. છતાંય તે લુચ્ચાઇ અને દાંભિકતાથી બહેતર સારૂ છે.

વ્યવહાર સાચવવો એ ઘણી મુશ્કેલ બાબતોમાંની એક છે. કેટલીકવાર તેનું કોકડું એવું ગુંચવાઇ જાય છે કે. તેને ઉકેલવાને ભલાભલા મુસદ્દી થાપ ખાઇ બેસે છે. અને "તું ન સમજે" એવા શબ્દો તેને સાંભળવા પડે છે.

વ્યવહાર સાચવવામાં કેટલીકવાર છડેચોક પ્રમાણિકતા, નીતિ ને સત્યનો ભંગ કરવો પડે છે. કેટલીકવાર દેખીતું નુકશાન વેઠી લેવું પડે છે.

વ્યવહાર સાચવવા ઈચ્છનારે જીભ ઉપર ખાસ કાબુ મેળવવોજ જોઇએ, જીભથી અવિચાર્યો બોલાઈ ગયેલો એકાદ શબ્દ જ કલેશની હોળી સળગાવી મુકે છે. એક બીજાને ખાવાપીવાનો ઠીક પણ બોલવાનોય સંબંધ રહેતો નથી. ભલે કોઇ પ્રમાણિકતા, નીતિ સાચવીને જ વ્યવહાર સાચવવાની ટેકવાળો હોય તો પણ તેણે કદી પોતાનું મનધાર્યું કરવા છતાં જીભમાં કડવાસ ન આવવા દેવી. મધુરભાષીજ વ્યવહાર સાચવવામાં સફળ નીવડે છે. પ્રમાણિક અને સત્યવાદી વ્યવહાર સાચવી શકશે, પણ વગર વિચાર્યું બોલનાર વ્યવહારમાં ઝેર ભેળવશે. આપણા કૃત્ય–પગલા કરતાં આપણો બોલ વ્યવહારમાં વધુ કડવાસ ઉભી કરે છે, અને એ બોલ કરતાંયે વધુ ઝેર ઉત્પન્ન કરે છે કાગળ ઉપર લખેલા શબ્દો, માટે વ્યવહાર સાચવવા ઇચ્છનારે કદી પણ કાગળ ઉપર રણક્ષેત્ર ન માંડવું. બોલાતા શબ્દોની અસર કરવામાં મુખચેષ્ટા અગત્યનો ભાગ ભજવે છે. પણ કાંઇ ભાવ ન બતાવી શકતા કાગળ ઉપરના શબ્દો વધુ અસર કરે છે. માટે કાગળ ઉપર શબ્દો ઉતારતાં ખાસ વિચાર કરવો.

વ્યવહારમાં વધુ તાણુવાથી તુટી જાય છે. એ સમજી લેવું–અરે એક બીજાની ગોળીનાં પાણી હરામ થાય છે. અને એનો બદલો બન્નેને ખાસ કરીને તાણુનારને ભોગવવો પડે છે. સત્તાનો મદ કેટલીકવાર વ્યવહારને ભુલી જાય છે. તો તેને એટલે સત્તાશાલીને પણ વ્યવહારમાં તેનું પરિણામ બરાબર ભોગવવું પડે છે. લીંબડીના નગરશેઠે વ્યવહારનીઅવગણુના સત્તા મદમાં કરી તો તેના ઘરની ઉતરી કન્યા તેના નગરમાં જ ઘેલાશાના મેરૂભા સાથે પરણી, અને બીજીવાર ઘણું તાણુવાથી ઘેલાશાએ તેની લીંબડીમાંથી જ જાન જોડી અને ભરબજારમાં ગોખ મુકાવી તે કન્યાને દાતણ કરવા બેસાડતો. [અપૂર્ણ.]

# રોજનીશીનું પાનું.

લેખક-બાપુલાલ કાલિદાસ સઘાણી "વીરબાલ"

સત્ય આપણે ઉચ્ચારી કે આચરી શકતા નથી એનુ કારણ આપણે નિર્બળ છીએ, વધુમાં આપણને સત્ય ઉપર વિશ્વાસ નથી અને વિશ્વાસ નથી એટલે પ્રેમ પણ નથી.

સત્ય આચરતાં માનવી ભિખારી થઈ જાય છે, હડધુત થઇ જાય છે, અને કદાચ મૃત્યુ પણ પામે છે, અને એને આપણે સત્યની હાર દૂર દૂર બેઠા લેખીએ છીએ, પણ આપણને કયાં ખબર છે કે મૃત્યુ વગેરે તો સત્યને કરેલી નજીવી ભેટો છે, સત્યનો વિજય જીવન મૃત્યુથી પર છે.

સત્યનો વિજય મૃત્યુમાંયે હોય, સતી શીયળને ખાતર જીભ કચરીને મરે એ સત્યનો વિજય મૃત્યુમાંજ છે ને? સત્યનો વિજય નળ દમયંતિના વનવાસ રઝળવામાં છે. સત્યનો વિજય નરસિંહ મહેતાના હડધુતપણામાં નથી શું? સત્યનો વિજય એટલે પુનઃ ભોગ વિલાસનાં સાધનોની પ્રાપ્તિ જ નહિ. પણ સત્ય આચરનારના હૃદયનું ખડખડાટ હાસ્ય! સત્યની કિંમત પારખી એને પોતાનું કરનારને એની એટલી બધી કિંમત છે કે સુખ, પૈસા ને માનનો ભોગ આપવો એ એને મન નજીવી બાબત છે. એને મન સત્ય એ સર્વસ્વ છે. અને સુખ, પૈસો, માન એ પરિગ્રહ છે, ત્યાગવા યોગ્ય છે. સત્ય એ બધુ તજાવે છે, એમ કહીએ તો પણ કશું ખોટું નથી જ! આચરણ વખતે સત્યનો, ઉપાસક એટલા એક થઇ જાય છે કે એ બધું કોણ કરે છે એમ જુદુ નામ પાડવું એ મુર્ખાઈ ભર્યું લાગે.

સત્યને સીમાડા નથી. એટલું એ વિશાળ છે, છતાં એને એક અપેક્ષાએ મર્યાદા છે. અને તે મર્યાદા સત્યના ઉપાસકના વ્યક્તિગત વિકાસને અનુલક્ષીનેજ છે. સત્ય ગમે એટલું વિશાળ છતાં એના ઉપાસકને પોતાના વિકાસક્રમ પ્રમાણે એની મર્યાદા બાંધવી પડે છે. જાણે અજાણે બંધાઈ જાય છે. એટલું ખરૂં કે સત્યનો સાચો ઉપાસક એ મર્યાદાઓને સાધન માની જરૂરિયાતે ઉભાં કરેલાં બોડાં માની એનો નાશ કરવામાં, પોતાને માટે અસત્ય લેખવામાં પાપ માનતો નથી. અને આગળને આગળ દોડયે જાય છે, તેમજ નવી નવી મર્યાદાઓ બાંધતો, તોડતો વિશાળ વિકાસને સાધી વિશાળ સત્યમાં સમાઇ જાય છે. સત્યના ઉપાસકને આજનું સેવવા યોગ્ય, આવતી કાલે ત્યાગવા યોગ્ય, આજનું અવ્યવહારૂ આવતી કાલે આચરવા યોગ્ય આમ એના આચરણમાં, મંથનમાં સદા કાળ ચાલ્યા કરે!

---

# અનેકાંત-વાદ.

લેખકઃ—બાપુલાલ કાળીદાસ સઘાણી.

( ગતાંક પૃષ્ઠ ૨૯૭ થી અનુસંધાન. )

આટલી સ્પષ્ટતામાં આપણે એ જોયું કે અનેકાંતવાદનો ઉપયોગ કરનાર વ્યક્તિ વિકાસમાર્ગની મુસાફિર હોવા ઉપરાંત એ વિકાસમાર્ગને સત્યપણે સમજી શકેલી હોવી જોઇએ, આમાં જે વ્યક્તિઓ અમુક વિધિ નિષેધો અને અમુક યંત્રવત્ ધર્મક્રિયાઓમાંજ પ્રગતિ જીવનની પરાકાષ્ટા માને છે, તેમને સ્થાન નથી કારણ કે જીવન અને ધર્મ જુદાં છે. એવી માન્યતાને સાચા અધ્યાત્મક્ષેત્રમાં મુદ્દલે જગ્યા નથી. ધર્મ તો જીવનના એકેએક કૃત્યની, વિચારની અને પળેપળની દિવાદાંડી છે. જ્યારે આવી વ્યક્તિઓ આવી દિવાદાંડી સામે પૂંઠ ફેરવી ક્રિયાઓ અને નિષેધોને વળગી રહે છે. એક માણસ એક ચીજ વાપરતો હોય અને બીજો એ ના વાપરતો હોય તો માત્ર એટલાજ ભેદ ખાતર ગમે એટલું અન્ય સત્ય છતાં બંન્ને પરસ્પર 'ધર્મભ્રષ્ટ' 'મિથ્યાત્વી' શબ્દોની ભાંડણ-નીતિનો ઉપયોગ કર્યા સિવાય રહી શકતા નથી. આવા ગૌણ મતભેદો કે આચારોને ખાતર પાસે ના ઉભી શકનાર ઉપાસકોને અનેકાંતવાદનો શો ઉપયોગ ? તેઓ પોતાના આગ્રહને કોરે રાખી અન્યના હૃદયને-સત્યને કઇ રીતે ન્યાય આપી શકે? વિશાળતામાં રાચનારો અનેકાંતવાદ આવાં સંકુચિત હૃદયોમાં પોતાનો સમાસ કેમ કરે ?

અનેકાંતવાદનો ઉપયોગ આમ છે પરસ્પરના દિલને સમજવાનો ! ઉપાસકો, ઉપાસકો વચ્ચે જામતા ઝગડા સમાવવાનો ! ઉપાસક સમાગમમાં આવતા અનેક ઉપાસકોની જુદી જુદી રસમો નિહાળી ઘૃણા રાખવાને બદલે તેની સાથે શાંતિથી વાત કરે, સામેના માણસના સ્થિતિ સંયોગો જાણી લે, હેતુ અને વિચારો માપી લે, શક્તિ મર્યાદા પિછાણી લે તો પછી એનો રસમો પ્રત્યે છોછ ના રહે, ઉલટુ નિજ હૃદય વિશાળ બને, જીવન જીવન વચ્ચેના ઝીણા ભેદો સમજી શકાય, પોતાના માર્ગમાં વધુ પ્રકાશ સાંપડે. અને એટલા નિરીક્ષણ પછી કોઇને કાંઈ કહેવા જેવુ લાગે ને તે કહેવામાં આવે તો પરસ્પરને ઉપયોગી થઈ શકે, આવી રીતે અનેકાંતવાદને નહિ સમજનારો-એનો ઉપયોગ નહિ કરનારો ગુરૂ થવાને તો લાયકજ નથી ! ગુરૂ અનેક ઉપાસકોના જીવનનો દોરક છે. તે જો આ સૂક્ષ્મ ભેદો નહિ સમજતાં બધાઓને એક લાકડીએ હાંકે તો એ એમના જીવનને કરમાવી નાંખે છે. અનેકાંતવાદનો રસીયો ઉપાસકજ આગળ વધતાં ગુરૂ થવાની લાયકાત પ્રાપ્ત કરી શકે.

ઉપાસક, ઉપાસક વચ્ચે તેવી રીતે ધર્મ, ધર્મ વચ્ચે, સંપ્રદાય, સંપ્રદાય

વચ્ચેના ટંટાઓ મીટાવવાનો અનેકાંતવાદનો ઉદ્દેશ છે. ઉપર જે વિવેચન થયું તે લગભગ સરખી જ રીતે ધર્મ, ધર્મ વચ્ચેના સંપ્રદાય, સંપ્રદાય વચ્ચેના ઝગડાઓને લાગુ પડે છે, છતાં આમાં કાંઇ વિશેષ રીતે વિચારવાનું રહે છે તે જોઇએ.

વ્યામોહને એક બાજુ રાખી જોઈ શકીએ તો જુદા જુદા ધર્મ, જુદા જુદા સંપ્રદાય એ પ્રાકૃત પ્રલાપ જ હોઈ શકે, જેને જુદા ધર્મો કહેવામાં આવે છે તે જુદા ધર્મો નથી, પણ જુદા જુદા સ્થિતિ સંયોગોમાં માનવ પ્રગતિના ગુંચવાઇ ગયેલા પ્રશ્નોના તે તે યુગના યુગ પુરૂષોએ બાહોશીથી કાઢેલા ઉકેલો છે. તે આગળ પાછળ થયેલા ઉકેલોને આપણે સામસામા ઉભા રાખી જુદા જુદા નામ આપી આપણી કલેશ વૃતિના ભોગ બનાવ્યા છે. આપણને તો એ જુદી જુદી પરિસ્થીતિઓમાંથી માર્ગ કાઢવા માનવ કલ્યાણના એક માત્ર ઉદ્દેશથી થયેલા ઉકેલો ચિંતન, મનન માટે વારસા તરીકે મલે છે, કે જેથી આપણે પ્રેરણા મેળવી જીવનમાં અને સમાજમાં ડગલે પગલે ઉઠતા પ્રશ્નોનો નિકાલ લાવી શકીએ. સત્ય આ હોવા છતાં અમુક ઉકેલ લાવનારનો ઉપાસક હું અને અમુક ઉકેલ લાવનારનો ઉપાસક તું આવી ખેંચતાણ શીદને ? આપણ સૌ એક જ માનવ ધર્મનાં ઉપાસક છીએ, જુદા જુદા ધર્મનાં ઉપાસક તરીકેનું ઓળખાણ એ સંકુચિત વૃતિનું દર્શન છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર આદિએ અર્પેલા ઉકેલો સૌને પ્રેરણા મેળવી આગળ વધવા માટેનો અણમોલ વારસો છે. આટલી વિશાળ ભાવનાથી આપણે જ્યારે આગળ વધશું. ત્યારે જ ધર્મનો સાચો મર્મ સમજ્યા ગણાઇએ, અને જ્યાં સત્ય હોય ત્યાં પહોંચી જવા સ્ફુર્તિ અનુભવવી એજ અનેકાંતવાદની ઉત્કટતા છે. કદાચ આ વિશાળ ભાવના સમાજ સહન ના પણ કરી શકે તો ખેર ! જુદા જુદા નામથી ઓળખાતા પરસ્પરને પીછાણતાં શીખે અને નિંદતાં અટકે તોયે અનેકાંતવાદ કૃતાર્થતા અનુભવશે.

જુદા જુદા નામે ઓળખાઇ સામસામા લડી મરનાર ધર્મિષ્ટોએ આ સ્પષ્ટ સમજી લેવાની જરૂર છે કે સમાજમાં જ્યારે અંધાધુંધી પ્રવર્તે છે, સિદ્ધાંતોના આઠે વિકૃત અર્થો ઉપજાવી પતનનો બચાવ કરવામાં આવે—અધઃપતનના રસ્તે જવાય છે. ત્યારે એજ સમાજમાંથી કેટલાક યુવાનો નીકળી પડે છે, કે જેઓ એ અનાચારો સાંખી શકતા નથી. તેઓની જ શોણિતનું ટીપું ટીપું નીચોવી આપી પ્રગતિમાંથી અટકી પડેલા સમાજને ફરીથી પ્રગતિ પંથ ચડાવતાં ખાતર બની જાય છે. એ ખાતર બની જનારા યુવાનોને જે પરિસ્થીતિમાંથી માર્ગ કાઢવો પડયો હોય છે, તે અનુસાર તેમનો ઉકેલ હોય છે. ત્યાગની ઘેલછામાં ગૃહસ્થાશ્રમ રોળાતો હોય ત્યાં ગૃહસ્થાશ્રમને પ્રાધાન્ય આપવું પડે, ઇશ્વરના નામે જનતા પારકી આશા ઉપર પુરૂષાર્થહિન બનતી હોય ત્યારે ઇશ્વિરવાદને આત્મવાદમાં પલટવો પડે, અહિંસાને ઓઠે સમાજ અશક્તિ છુપાવતો

હોય તો અહિંસાનો નવો અર્થ કર્યા સિવાય છુટકો ના થાય. આ રીતે ધર્મ, ધર્મ વચ્ચેના ભેદાંતર નીરખવાં હોય તો એના મુળમાં તટસ્થ દ્રષ્ટિએ નીરખવું જોઇએ. આ દ્રષ્ટિએ જોવામાં ખુબ મજા આવશે, જીવનની પ્રગતિમાં–હૃદયની વિશાળતામાં એ સારી માત્રા બની શકે. એ ભેદાંતરો માટે વાદવિવાદમાં ઉતરવું, દ્વેષના મોરચા માંડવા એ મુર્ખાઇ છે. કારણ કે ભેદો તાત્વિક નથી પણ સ્થિતિ સંયોગો અનુસાર થયેલો શાબ્દિક ફેરફાર છે. પછી આ સાચું ને તે ખોટું એવો વાદવિવાદ શો ? અનેકાંતવાદ ધર્મ, ધર્મ વચ્ચેના ઝગડા સમાવવા આ દ્રષ્ટિ ખીલવવાનું કહે છે.

અનેકાંતવાદ અને સહિષ્ણુતા એ પર્યાયવાચી શબ્દો છે, એમ કેટલાકનું માનવું છે. જો કે અનેકાંતવાદ અને સહિષ્ણુતાનો ઉદ્દેશ તો એક દિશાએ વહે છે. પણ તે બન્ને વચ્ચે પ્રમાણ ભેદ મોટો છે. સહિષ્ણુતાનું કહેવું છે કે, સામેના મતને સહન કરવો એની સામે કજિયામાં નહિ ઉતરવું. જ્યારે અનેકાંતવાદ એ એવો સિદ્ધાંત છે કે સામેના મતમાંના સત્યને પીછાનવું, સામેના મતના સત્યને પારખવાથી જે હૃદયની વિશાળતાનો અને પરસ્પરને ઉપયોગી થવાનો લાભ થાય છે, તે એકલા માત્ર સહન કરવાથી પ્રાપ્ત થતો નથી. સમજ્યા વગરનું સહન કરવું ઇચ્છિનીય નથી, કારણ કે એથી ભલે કંકાસ ન થાય પણ પરસ્પર ખુલ્લા દિલથી મળી શકતા નથી–અને હૃદયને છુપે ખુણે પરમત ભણી સુગ રહ્યા કરે છે. સત્યને સમજવા તરફ બે દરકારી રાખવાથી એ બદલો મળે છે. વિકાસના માર્ગીઓ પરસ્પર મોજ ના ઉડાવી શકે, એ સમું અયોગ્ય શું ? આને એક દાખલો લઇ સ્પષ્ટ કરીએ, લગભગ સૌએ મનઃશુદ્ધિ સાથે શારીરિક શુદ્ધિ ઉપર ભાર મુકયો છે. આપણે સ્નાનાદિ સ્વીકાર્યાં તેમ મુસ્લીમોએ સુન્નત ક્રિયા ઉપર ભાર મૂકયો, આ વિધિથી કાયમ માટે સરસ રીતે પેશાબથી કપડાં અપવિત્ર થતાં અટકી શકે, આ ક્રિયા આપણે સ્વીકારી ના શકીએ, એ જુદી વાત છે. પણ સુગ ત્યજી વિચારપૂર્વક એટલું સમજી શકીએ કે એથી પણ સૌચતા જાળવી શકાય છે, તો ઇસ્લામીઓની એ ક્રિયા ભણી આપણાં મન વાણી જે અશ્લીલતા સંગ્રહી રાખે છે, તે જલદી છુટી જાય. સહિષ્ણુતાથી જે સુગ જતી નથી તે આમ અનેકાંતવાદથી જાય છે, અનેકાંતવાદી આમ દરેક પ્રસંગે સામેના હેતુઓના ઉંડાણમાં ઉતરે છે.

જૈનફિલસૂફીમાં આ અનેકાંતવાદને મહત્વનું સ્થાન છે. એનું બીજું નામ સ્યાદ્વાદવાદ છે, એ બધાંને પોતાનું કરવા ચાહે છે. કારણ કે પોતે સત્ય છે તો પછી બીજા સત્યની સાથે દુશ્મનાવટ હોઇ શકે જ નહિ. જીવન એ સત્યના અંશો છે. પછી એ પરસ્પર મીલન કરી સત્યનાં અહો ગાન ગાવાને બદલે શીદ સત્યના તેજને લડી ઝગડી ઓછું કરે ? હરેક ઉપાસકે અનેકાંતવાદ સમજી સત્યની વિશાળતા પારખવાની ખાસ આવશ્યકતા છે. સ્વપરને એ અનંત કલ્યાણકારી છે.

(અપૂર્ણ.)

# અર્હંત દર્શન અને ઈશ્વર.

લેખકઃ–મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. (જામનગર)

( ગતાંક પૃષ્ઠ ૨૭૩ થી અનુસંધાન. )

આ વાતનો પાશ્ચાત્ય નીરિશ્વર વાદીઓની થઇ, પણ આપણે નૈયાયિકોને પુછી શકીયે છીયે તે પણ પ્રમેળ કમલ માર્તંડકારનાં જ શબ્દોમાં કહીએ તો **नहि करुणावताम् यातना शरीरोत्पादक च्यवेन प्राणिनां दुःखोत्पादक त्वम् युक्तम्**

ઇશ્વર કરૂણાળુ છે તો જીવને કેટલીક (ભયંકર) યાતનાઓ ભોગવવી પડે, તેવું શરીર બનાવવાનું કારણ શું? અને જગતનો કર્તા જો ઇશ્વર છે તો પછી આ જગતના માણસો મહાન દુઃખો જે ભોગવી રહેલ છે, તેની જવાબદારી પણ તેની જ માની શકાય એમ કેમ નહિ કહેવાય. આવી ન્યાયપૂર્ણ દલીલથી પોતાના રક્ષણ માટે સૃષ્ટીકર્ત્તા ઇશ્વરને માનનારો વર્ગ જણાવે છે. જીવો જે દુઃખોનો અનુભવ કરે છે તેના જવાબદાર ઇશ્વર નથી પણ પોતાના વાવેલા બીજકો (કર્મો) છે, અને તેથી તે કર્મોનો કર્ત્તા પોતે હોવાથી તેઓ કર્મનો કરનારો વર્ગ પોતે જ જવાબદાર ગણાય. આ દલીલને થીઇઝમ મંડળ પણ સ્વીકારે છે કે ઇશ્વર તો કરૂણાળુ છે. તે દુઃખ નથી આપતો.

અર્હંત્ દર્શન ઉપરની માન્યતા ધરાવનાર વર્ગનું લક્ષ ખેંચે છે કે જ્યારે ઈશ્વર કરૂણાળુ છે, જગતનો કર્તા છે એમ તમારૂં માનવું છે, તો પછી જીવોને દુઃખી શામાટે કરે છે? અને જો તમે એમ કહેશો કે જીવો પોતાના વાવેલા બીજકો (કર્મો)થી દુઃખી થાય છે, તો પછી ઈશ્વરને કર્તા–સૃષ્ટા એમ માનવાની શું જરૂર રહે છે. કારણકે જીવો પોતે કર્મ કરે છે અને તે કર્મના પરિણામે અનાદિકાળથી જન્મ મરણ કરે છે, અને કર્મના ફળ ભોગવે છે એમજ માનવું પડશે અને તેમ માનવાથી વધારે સરળતા પણ થશે. વળી તમે કર્મનો સ્વીકાર કરો છો, કર્મના પરમાણુંને પણ સ્વીકારો છો, માત્ર તમારી માન્યતા એવી હોય કે કર્મના પરમાણું અચેતન હોવાથી તેને ઇશ્વરની સહાય તો જરૂર રહેશે, એ માન્યતા ન્યાયથી વેગળી છે. કર્મના પરમાણુંમાં, જીવનાં રાગ–દ્વેષનાં પ્રમાણમાં તે કર્મ પુદ્‌ગલો પોતે જ જીવમાં આશ્રય પામે છે, અને તેના પરિણામે શરીરાદિની સ્થીતિ છે. તેથી અર્હંત્ દર્શનની આ માન્યતા પ્રમાણે આ સકલ વિશ્વ–જીવાદિક યોનિ એ સર્વ કર્મ તંત્રનો ખેલ છે. તેમાં જગત્સૃષ્ટા ઇશ્વરની જરૂર નથી.

ન્યાય દર્શન અને પાશ્ચાત્ય થીઇઝમને અર્હંત્ દર્શને નિર્મળ નિર્ણય આપ્યો, હવે વેદાંતદર્શનને પોતાનો નિર્ણય આપે છે.

ભારતના વેદાંત દર્શનને લગભગ મળતાં વિચારો ધરાવનારા પાશ્ચાત્ય તત્ત્વજ્ઞો માંહેના સ્પિન્ગેનો જે આજે યુરોપનાં વિશ્વદેવવાદના મહાન્ સૃષ્ટા ગણાય છે. શોપનહોર-હિગેલ પણ તેજ સિદ્ધાંતનાં અનુયાયીઓ છે. આ સર્વ જર્મનના દાર્શનિકો ગણાય છે. આ તત્વજ્ઞોનો વાદ તેને તેઓ પાન-થિ-ઇસ્ટ નામે કહેવરાવે છે. તેઓની માન્યતા એવી છે કે ઈશ્વર અને જીવ તેને જુદા માનવાથી ઇશ્વરનું મહત્ત્વ કાંઈક ઓછું થઈ જાય છે. તેથી ઇશ્વર સિવાય બીજી કોઈ એક સત્તા કે તત્ત્વ હોવાનું તેઓ સ્વીકારે છે.

જુના સમયના ગ્રીક અને ઇલિયાટીક સંપ્રદાયના માન્ય ગણાતા દર્શનોમાં ઉપરના વાદના જેવા જ તત્ત્વો દેખાય છે. પ્લેટોનો સિદ્ધાંત આજે જે નવું સ્વરૂપ ધારણ કરી બહાર આવ્યો તે પણ પાન થી-ઈઝમ જ છે, આ તમામ વાદો ભારતવર્ષનાં અદ્વૈતવાદને લગભગ મળતાં જ છે. આ વાદનો ગુજરાતીમાં "વિશ્વદૈવવાદ" એ અર્થ નીકળી શકે છે. અને તેનો નિર્ણય એવો છે કે "જગતમાં જે અજીવ અને જીવ આ બંને પદાર્થો એકાંત સત્ છે, આ સત્ તે કોઈ બીજી વસ્તુ કે પદાર્થ નથી, પણ ઇશ્વરના વિકાસનું એક મૂર્ત સ્વરૂપ છે. પણ વસ્તુતઃ ઇશ્વરના વિના અન્ય દ્રવ્ય કોઇ નથી અને આજે જીવો ભિન્ન ભિન્નપણે જે દેખાય છે, તે પણ મૂળમાં ઇશ્વર તત્ત્વ જ છે. જગત જેવો કોઇ જુદો પદાર્થ જ નથી.

આ પાશ્ચાત્યોનો વાદ તે કેવલાદ્વૈત સિદ્ધાંત જ માની શકાય તેમ છે. તો આપણે પ્રથમ કેવલાદ્વૈતવાદીઓને સમાધાન આપીયે કે:-તમે આ જગત, આ એકાંત અસત્, ને એક માત્ર કલ્પનાનો આભાસ માનો છો? તેમજ જગત જે દૃષ્ટિએ પડે છે તેથી સત્ જેવું માત્ર દેખાય છે, પણ વસ્તુતઃ સત્ નથી માત્ર બ્રહ્મ જ સત્ય છે. અને આ જગતનો તમારો ઉપરનો ખુલાસો તેમજ તમારી દૃષ્ટિએ માનેલ ઈશ્વર એ વિષે અમે કહીયે છીયે કે, જે તમે દલીલ કરી તે સિદ્ધ કરવાના શાસ્ત્રીય તેમજ બુદ્ધિગ્રાહ્ય પ્રમાણો તમારી પાસે નથી. જ્યારે જગતને એક માત્ર કલ્પનાનો આભાસ માનશો તો તમે પોતે પણ જગત્માં છો, છતાં તમારી પણ કોઈ પ્રકારની સત્તા રહેશે નહી.

આ જગત્ અને જગત્ના વિધવિધ પદાર્થો તેની અનેકવિધ પ્રવૃત્તિમાં આપણાથી જોઇ શકાય છે છતાં કયાં પ્રમાણુ કે આધારથી જગત્ કલ્પના માત્ર છે એમ કહી શકાશો? જગત પૂર્વ હતું, આજે વર્તમાનમાં છે, અને ભવિષ્યમાં પણ હશે. તેમજ બ્રહ્મરૂપ આત્માને જ્યારે તમે સત્ માનો છો તો પછી સત્ રૂપે દૃષ્ટિએ પડતા આ જગતને અસત કેમ માની શકશો.

(અપૂર્ણ.)

# શ્રી સંઘને ચર્ણે.

લેખકઃ-**કવી ભોગીલાલ રતનચંદ, પાટણવાળા.**

સમસ્ત શ્રી જૈન સંઘને હાલના વર્તમાનમાં કઈ કઇ પરીસ્થીતી છે તે બાબતનો ખ્યાલ આપતા, જૂનાકાળની શ્રી સંઘની સત્તા શું હતી અને કેવી હતી, તેનો આછો ખ્યાલ આપું છું. આશા છે કે વાંચક વાંચે, વીચારે અને વીચરે. જ્યારે પ્રભુ-મહાવીરના શાસનમાં જ્યારે ભદ્રબાહુસ્વામી પાટે આવ્યા, તે વખતે અમુક સંજોગોમાં દેશનું વાતાવરણ બદલાયું અને જૈન ધર્મની પરિસ્થીતિ એવા પ્રકારની થઇ કે ઘણાખરા જૈન સીદ્ધાંતોનો નાશ થઈ ગયો. તેવા સમયમાં સીદ્ધાંત જાણકાર ખાસ કોઇ વિદ્વાન મુનીઓ નહોતા, ફક્ત એકજ વિદ્વાન ભદ્રબાહુસ્વામી નેપાલમાં હતા. તે વખતે શ્રી સંઘે સારા સારા સાધુઓને ગુરૂ ભદ્રબાહુસ્વામીને બોલાવા મોકલ્યા, પણ તે વખતે ગુરૂ ધ્યાનમાં હતા. અને તે ધ્યાન બારે વર્ષે પુરૂ થાય તેવા પ્રકારનું હોવાથી, આવેલા મુનીમહારાજને શ્રી-ગુરૂદેવે કટપુરે હાલ મારાથી નહી અવાય, શ્રીસંઘને મારા ધર્મ લાભ કહેજો. અને કહેજો કે હાલ તેઓ ધ્યાનસ્થ અવસ્થામાં છે, મહારાજ પાછા આવ્યા. શ્રીસંઘને ગુરૂનો કહેલો સંદેશો સંભળાવ્યો. શ્રીસંઘે વીચાર કરીને ફરી બીજા મુનીરાજને મોકલ્યા, અને કહાવ્યું કે આપને શ્રીસંઘની આજ્ઞા છે કે આપ પધારો. અને જો તે ન આવી શકે તો કહેજો કે શ્રીસંઘની આજ્ઞા ન માનનારને કઇ જાતની શીક્ષા હોઈ શકે. ત્યારે તેઓ કદાચ એમ કહે કે તે વ્યક્તિને સંઘ બહાર મુકી શકાય. તો તમો કહી દેજો કે શ્રી સંઘે તમને સંઘ બહાર મુકયા છે. આ શ્રીસંઘની સત્તા અને મહત્તા! અને તેજ પ્રમાણે શ્રીસિદ્ધસેન દિવાકરમાં પણ એમ જ બન્યુ હતું. આવા આવા અનેક દાખલાઓ આજે મોજુદ છે. અને જે શ્રીસંઘે પોતાની મહત્તા એટલે સુધી વિશ્વમાં જમાવો હતી કે ભલભલી સલ્તનતો ધ્રુજતી હતી. આજે એજ શ્રીસંઘ જેને હાડકાની માળાની ઉપમા અપાય. આજે એજ શ્રી સંઘ કે જેનો કોઈપણ અવાજ ન સંભળાય. આજે આ સંઘ કે સમાજમાં કોઈપણ જગાએ ઐકયતા ન દેખાય, આવી પરિસ્થીતિથી આજે શ્રી સંઘનું બંધારણ એક જીવ વગરના કલેવર જેવું થઇ ગયું છે. કારણકે જેમ સંઘનું બંધારણ શીથીલ થતું ગયું, તેમ સાધુઓનું બંધારણ એથી પણ વધારે બગડતુ ગયું. અને એનું પરીણામ આજે એ દેખાય છે કે "ઘરના ભુવા અને ઘરના જતી" જેવી સ્થીતિ પક્ષાપક્ષીથી થઇ રહી છે. તો શુ આજે શ્રી સંઘના આગેવનોએ પોતાની ચાણકય બુદ્ધીને શું ગીરવી મુકી છે? કહેવાતા સંઘના આગેવાનો પોતાની સત્તા જમાવવા જ શું સંચાલકો થયા છે? આવી હજારો બાબતનો ખ્યાલ કરતા આજે શહેર કે નગર કે ગામડામાં કોઈ જૈન કોમનો નાયક કે નેતા છે જ નહિ, કે શુ?

આવી પરિસ્થીતિથી જૈન કેમની થોડા વખતમાં શું સ્થીતિ પલટાશે, તે તો કોઇ જ્ઞાની હોય તોજ કલ્પી શકે, પણ માત્ર મારા વીચારથી આટલું તો ચોકસ છે કે આપણે ખોટી મોટાઈ અને ખોટા આડંબરથી આજે આપણી સમાજની ઘોર ખોડી રહ્યા છીયે. આજે જૈન સમાજના સારાએ દેશમાં કરોડો રૂપીયાની મીલ્કતો અને શીલ્પકલાના આલીશાન જૈન મંદિરો શોભી રહ્યા છે, તે મંદિરોમાં પણ આજે ક્લેશ કંકાશ અને ચશમપોશીના વેપારો ચાલી રહ્યા છે. શું આ બધું શ્રી સંઘના કહેવાતા આગેવાનો જાણતા નથી, સમજતા નથી, એમ નથી. પણ આગેવાનો તો એવા છે કે તેમની જાતને જરા પણ દુખ પડે નહિ. તેમના મોભાને જરા પણ આંચકો લાગે નહિ. કોઇપણ વ્યક્તિ સત્ય વસ્તુ કહી શકે નહિ. અને કહે તો તે ટકી શકે નહિ. આવી પરિસ્થીતિના સંચાલકો જ્યાં હોય ત્યાં ભરદરીયે પડેલું નાવ કોણ તારી શકે? તેથી આટલી ચમક શ્રીસંઘને ચરણે ધરૂં છું, તો સંઘના આગેવાનો યોગ્ય ઉપાય યોજી સમાજ કલ્યાણ સાધશો.

---

# કલમનાં નખરાં

લેખકઃ-વિજયપ્રકાશ.

**માલેગાવ ઐક્ય સમીતિ**

"પ્રચલીત અનુંષ્ઠાનો સામે ન બોલાય કે ન લખાય." આ મતલબનો ઠરાવ સમાજની રીત રસમો અને સંસ્કારીકતા ટકાવવા માટે, મુંબઇમાં મળેલ માલેગાંવ ઐકય સમીતિ એ, કરેલ હતો. અને એ ઠરાવ. આ. શ્રી. વિજયરામચંદ્રસૂરીના ભક્તગણ મારફતેજ આવ્યો; ને દબાણ સાથે પસાર થયો હતો.

**મુંબઈ અને માંગરોળ સભાની વ્યાસપીઠ**

અને એ ઠરાવની વ્યાપક સમજુતી, શ્રી. મું. અને માં. સભાની વ્યાસપીઠ ઉપરથી અપાઈ હતી. ત્યારે જ લાગતું હતું કે, આ મહાનુભાવોના શબ્દો અને કલમના ઘોખે સમાજ ઉન્નતીના શીખરે પહોચી જશે! ટંટા-ફીસાદ, નિંદા-ખંડન, છળ-કપટ, હુસા-તુસી, મારૂ-તારૂ, માટીમાં મળી જઇને, એકા એક, ચતુરવિધ સંઘ, સંભાવની શંયમ દ્રષ્ટી-વૃતિ કેળવી લેશે?

**છોકરવાદી રમતો.**

સુર્ય-ચંદ્ર સર કર્યા જેવી, વાહિયાત વાતો વહાવીને, વક્તાઓએ, નથી એમનું કલ્યાણ કર્યું, નથી સમાજનું કલ્યાણ આદર્યું. અને છતાંએ, એ વ્યાસપીઠ ઉપરથી, યુવક સંઘો સામે ધૂડ ઉડાડવાની છોકરવાદી રમતો આદરી હતી. તેઓ મૂર્ખાઓના સ્વર્ગમાં વસતા હતા એમ, આ તિથિ પ્રશ્નને સ્પષ્ટ કર્યું છે.

**પ્રચલીત અનુંષ્ઠાનોનો ઉઘાડે છોગે ભંગ.**

શ્રીમાન આચાર્ય મહારાજાઓથી લઇને ભક્તગણ સુધીના, જેઓએ, તપા-

ગચ્છની આચરણા અને ચાલી આવતી પરંપરા પ્રમાણે અષાઢ વદ ચૌદશ તા. ૧૧-૮-૪૨ ને મંગળવારે ન કરતાં, તા. ૧૦-૮-૪૨ ને સોમવારના દિવશે ચૌદશની આરાધના કરેલ હોય તેઓએ, પ્રચલીત અનુષ્ઠાનોને ઉઘાડે છોગે ભંગ કરેલ છે. છતાં, માલેગાંવ ઐક્ય સમીતિના પ્રમુખ શેઠ કસ્તુરભાઈ અને શા. સા. કાન્તીલાલ ઈશ્વરલાલ જે. પી. અને અન્ય સહ કાર્યકરો-સદંતર ચુપ રહેશે ?

## સો લાખમાં એક.

પાટણની ધરતી પર જૈન સમાજના એક વિરલ સાધુ પ્રવર્તક કાન્તીવિજયજી મહારાજને સ્વર્ગવાસ અષાડ સુદ ૧૦, ગુરૂવાર ને સંધ્યા સમયે થયો, સો લાખમાં એક જેવું પ્રવર્તકજીનું વૈક્તિત્વ હતું. પ્રવર્તકજીની બુદ્ધીને ચમત્કાર અદ્દ્ભૂત હતો. અને દેશ-ધર્મ-અને સમાજની ઉન્નતી માટેની એમની તમન્ના પણ, એટલીજ અદ્દ્ભૂત હતી. નમ્રતાની પ્રતીમા તરીકે, કાન્તીવીજય જીવી ગયા. અને સાહિત્યનું રટણ કરતાં કરતાં તેઓ આ સંસારમાંથી અદરશ્ય થયા.

## જગજાહેર પ્રધાન સૂર.

સ્વ. પ્રવર્તકજી સુધારક હતા, ધર્મ ધુરંધર હતા, મન-વચન-કાયાના યોગી હતા. પણ આ બધા ઉપરાન્ત તેઓ સૌઉથી વધુ તો એક અણનમ સાહિત્ય ભક્ત તરીકે જ જીવતા હતા. પહેલું સાહિત્યનું રક્ષણ કોઇપણ રીતે અને કોઇપણ રસ્તે-આ હતો કાન્તીવીજયજીના જીવનને જગ જાહેર પ્રધાન સૂર.

## પદવીદાનનાં પડઘમ.

સ્વ. ના ૬૩ વર્ષના સાધુ જીવન દરમ્યાન, કાળસાગરનાં ઘુંઘવાતાં અનેક તોફાને જાગ્યા. ભૂકંપો આવ્યા. ઇર્ષા, દ્વેષ, હુંપદ, ને પદવીદાનના જય જયકારનાં પડઘમ જોર-શોરથી, અથડાઈ ગયાં. છતાંએ. કૃતવ્યની કેડીએજ એમનાં કદમો ચાલ્યાં જીવનનાં અંત સુધી.

## સ્વ. નાં વારસદાર મુ. પુન્યવિજય.

મુનિશ્રી પુન્યવિજયજી, પ્રવર્તકજીની સાહિત્ય સૃષ્ટીના વારસદાર છે, ત્યાગના પણ એટલાજ ભાગીદાર છે, ને પરીણામે પ્રવર્તકની પાસે જે-અણમોલું ધન હતું તે, પુન્યવિજયના હાથમાં સુપ્રત થએલ છે. પ્રવર્તકજીની અધુરી રહેલ મજલ પુન્યવિજયજી, પરીપુર્ણ કરશે જ એવી સૌને શ્રદ્ધા છે. વિશ્વાસ છે.

## પ્રવર્તકજીના સ્મારકની ઝોળી ભરીદો !

પુન્યજીવી પ્રવર્તકજીના સ્મારકનાં મંગળ આંદોલને ગતીમાન બન્યાં છે. સૌ પક્ષો સહૃદયતાપુર્વક એ આંદોલનોને સત્કાર કરે. ફરજ, કૃતવ્ય, સમજ, અને ધર્મ બુદ્ધીથી, પ્રસીદ્ધ કરેલી રૂા. એક લાખની સ્મારક માટે ફરતી ઝોળીમાં પોતાનો હિસ્સો ભરી દે. અને એમનાં અધુરાં કાર્યોની મજલ પુરી કરવાનો ધર્મ બજાવે.

અમર રહો; કાન્તીવિજયજીની જવલંત સાહિત્ય પ્રવૃતીઓ.

ઘણું જીવો; વિરલ સાધુની જીવન્ત ભાવનાની અનંન્ત પળો.

# મંજીરા અને કરતાલ સાથે શ્રીકાન્તજી?

## પરાજીતનું ગાન.

લે. શ્રીમાન ઉંધી ખોપરી.

રાગ–મન ગમતો.

પરાજીતનું ગાન:
ગાવ મન પરાજીતનું ગાન;
એકલ પરાજીતનું ગાન.
× × ×
પરાજીત સેના પતિનાં:
પંથ ને મેદાન સૂનાં:
શમ્યા છે સન્માન જુનાં.
ગાવ મન પરાજીતનું ગાન.
એકલ પરાજીતનું ગાન.
× × ×
પાલીતાણાની ગલીએ ગલીએ,
ગજવું મારૂં ગાન,
છતાં, શમ્યા છે માનપાન,
કેમ છે દુનીઆનું આવું જ્ઞાન?
ગાવ મન પરાજીતનું ગાન.
એકલ પરાજીતનું ગાન.
× × ×
પરાજયમાં દુધપાક પુરી,
પરાજયમાં નાંણાની ઝોળી,
પરાજયમાં કદરદાની,
પરાજયમાં પુજા થાય ભારી.
ગાવ મન પરાજીતનું ગાન,
એકલ પરાજીતનું ગાન.
× × ×
પરાજીત પાછો વળે,
સજવાં નવાં આયુદ્ધ,
સોનું રૂપુ મળી જશે.
તો સર્જાવીશ અવનવા રંગ.
ગાવ મન પરાજીતનું ગાન,
એકલ પરાજીતનું ગાન.
× × ×

પાલીતાણાના વંડામાં, મહાન માનવીઓના વિરાટ ઉત્સવમાં, રાગરાગણીથી પોતે–શ્રીમાન શ્રીકાન્તજી–કરનાર અને મંજીરાની સાથે એક તાન બની, તાલબદ્ધ સૂર સાથે, તા. ૧૦–૮–૪૨ ને સોમવારી ચૌદશે, ગાતા હતા. એવા સમાચાર–મારી પાંચમી કતાર–મારફતના સત્તાવાર હેવાલમાં મળ્યા છે.

પણ કેટલુંક નજરે જોયું ને કાને સાંભળ્યું પણ જુઠું ઠરે છે, છતાં શાસન સુધાકરમાં આ બનાવ, સાચો છે. અને એના શાસ્ત્રીય પૂરાવાઓ સાથે પ્રસિદ્ધ પામે તો આશ્ચર્ય પામશો નહિ.

# પૂજ્ય પંન્યાસજી મહારાજનો ઉજવાયેલ જયંતિ-મહોત્સવ.

**લવારની પોળ, અમદાવાદ.** શ્રાવણ સુદિ ૩ ના રોજ સહવારના નવ વાગે આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીજીના અધ્યક્ષસ્થાને શ્રી નીતિવિજય સેવા સમાજ તરફથી જયંતિ મહોત્સવની ઉજવણીની સભા યોજવામાં આવી હતી. વ્યાખ્યાન હોલ અને પોળના સરિયામને રંગ બેરંગી વાવટાઓથી શુસોભિત બનાવવામાં આવ્યો હતો, અને આ મહોત્સવના અંગે ડેહલાના, વીરના, અને સામળાની પોળના ઉપાશ્રયે વ્યાખ્યાનો બંધ રાખી મોટા ભાગના મુનિવર્યોએ મહોત્સવમાં હાજરી આપેલ હોવાથી, તેમજ શ્રાવક શ્રાવીકાઓ પણ ચારે ઉપાશ્રયના હાજર હોવાથી વ્યાખ્યાન હોલમાં જરા પણ જગ્યા રહી શકી નહોતી, બલકે કેટલાકને ઉપરના મજલે સાંભળવા બેસવું પડયું હતું.

પ્રારંભમાં સેવા સમાજના સેક્રેટરીએ આમંત્રણ પત્રિકા વાંચ્યા બાદ, ધરમપુર રાજ્યના રાજકવી ભોગીલાલભાઇએ પૂજ્ય ગુરૂદેવનું ગીત ગાઈ બતાવ્યા, બાદ શા. લક્ષ્મીચંદ પ્રેમચંદે મર્હૂમના જન્મથી તે સ્વર્ગગમન સુધીની ટુંકાણમાં કારકિર્દિ અને તેઓશ્રીના કૌટુંબીજનોની ઓળખ કહી બતાવતાં સં. ૧૯૭૦ ના તેઓશ્રીના સુભ હસ્તે રાધનપુરમાં થયેલા પ્રદવીપદાન મહોત્સવની વીગતથી સભાજનોને પરિચીત કર્યા હતા. બાદ પન્યાસશ્રી સંપતવિજયજીએ તેઓશ્રીની ક્રીયાકાંડ પ્રત્યેની અનહદ શ્રદ્ધા બાબત, મુનિશ્રી રામવિજયજીએ તેઓશ્રીની ક્રીયા શુદ્ધિ બાબત, મુનિશ્રી મલયવિજયજીએ તેઓશ્રીની ભાગવતી દીક્ષા મહોત્સવ પ્રસંગે થયેલા ઉત્સવો બાબત, મુનિશ્રી અસોકવિજયજીએ મર્હૂમના સ્વભાવની સૌમ્યભાવના બાબત, મુનિશ્રી ચરણવિજયજીએ "यथानामा तथा गुणाः" અનુસાર યુક્તિ પ્રયુક્તિઓથી નામની સાથે તેઓશ્રીના ગુણોને ઘટાવવા બાબત, પન્યાસશ્રી કલ્યાણવિજયજી મહારાજને તેઓશ્રીના જીવનની સેવા કરવાનો પુન્યોદય પ્રાપ્ત થયેલ હોવાથી પરિચીત પ્રસંગો બાબત, અને ભોગીલાલ કવીએ તેઓશ્રી પોતાની જ જન્મભૂમિના હોવાથી ગત આત્માના ગુણાદિ બાબત, એમ દરેક વક્તાઓએ પોતાની છટાદાર ભાષામાં સભાજનો આકર્ષણ, અને રંજન થાય તેવી રીતે વકત્વય કર્યું હતું. અંતમાં ઉપસંહારમાં પ્રમુખસ્થાનેથી અમારા દાદાગુરૂનો સ્વર્ગદિન ઉજવવા અહોભાગ્ય મને આજે સાંપડેલ છે તે બાબત હર્ષ વ્યક્ત કરી, ડેહલાના ઉપાશ્રયની અને તપાગચ્છના થઇ ગયેલા મહાન ગીતાર્થ અને પ્રભાવશાળી મહર્ષિગણની ક્રમવાર પટ્ટાવળી કહી સંભળાવી પૂર્વજોના પગલે ચાલી શાસન સેવા કરવાની ઉદઘોષણા કરી હતી. બાદ સમય વધુ થઇ જવાથી સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

બપોરના ઉપાશ્રયમાં શેઠ ભગુભાઈ ચુનીલાલભાઈ સુતરીયા તરફથી સ્વર્ગસ્થ નિમીત્તે પંચકલ્યાણકની પૂજા રાગરાગણીથી ઉમદા ગવૈયાઓએ ભણાવી હતી, તેમજ ઉપાશ્રયની જોડેના દેરાસરે ભભકાદાર આંગી કરાવવામાં આવી હતી. પૂજામાં શેઠશ્રી તરફથી પ્રભાવના કરવામાં આવેલ હતી.

**વીરના ઉપાશ્રયે અમદાવાદ.** શ્રાવણ સુદિ ૩ ના પૂજ્ય ગુરૂવર્ય પન્યાસશ્રી ભાવવિજયજી ગણિવર્ય મહારાજનો સ્વર્ગદિન હોવાથી ઉપાધ્યાય શ્રીદયાવિજયજી મહારાજના સદુપદેશથી બપોરના ઉપાશ્રયમાં પૂજા રાગરાગણીથી ગવૈયાઓએ ભણાવી હતી, તેમજ જોડેના દેરાસરમાં પ્રભુજીને અંગરચના ઘણી જ ભભકાદાર કરવામાં આવી હતી. વળી પૂજામાં શ્રીફળની પ્રભાવના રાખવામાં આવી હતી.

**રાધનપુર.** ગુરૂવર્ય પૂજ્ય પન્યાસશ્રી ભાવવિજયજી ગણિવર્યની શ્રાવણ સુદિ ૩ ના સ્વર્ગ તિથિ હોવાથી તે દિને સાગરના ઉપાશ્રય અને ઉપાશ્રયના સરીયામને ધ્વજ પતાકાઓ અને સુશોભિત બોર્ડોથી શણગારી પન્યાસશ્રી લાભવિજયજી મહારાજના અધ્યક્ષસ્થાને જયંતિ ઉજવવાની સભા સવારના નવ વાગે રાખવામાં આવી હતી. પ્રારંભમાં મુનિશ્રી પ્રકાસવિજયજીએ મહૂંમના જીવનની ટુંકાણમાં કારકિર્દી સભાજનોને સંભળાવ્યા બાદ મુનિશ્રી રવિવિજયજીએ દાદાગુરૂની પરોપકાર વૃત્તિ, સૌમ્યભાવ, સમાનદ્રષ્ટિ આદિ ઉપર દલીલસર વિવેચન કર્યું હતું. બાદ પ્રમુખસ્થાનેથી ઉપસંહાર કરતાં સં. ૧૯૭૦ ની સાલમાં મહૂંમના શુભ હસ્તે રાધનપુરમાં થયેલ પદવીપ્રદાન મહોત્સવનું વર્ણન કરી તેઓશ્રીની સમાનભાવનાના વખાણ કર્યા હતા. તે વખતે દશેક સંઘાડાઓના સાધુ સાધ્વીઓના આસરે પોણોસો ઉપરાંત મહર્ષિગણને જોગ અનુષ્ઠાન આચારાંગથી તે શ્રીભગવતી સૂત્ર સુધીના કરાવી, ચાતુર્માસના અંતે માગસર માસમાં પાંચ જણાને ગણી અને પન્યાસપદ આપી પદવીપ્રદાન ઉત્સવ રાધનપુરમાં ઘણા જ ઠાઠમાઠથી ઉજવ્યો હતો, જેમાં રાધપુરની જનતાએ આસરે દશેક હજારની રકમનો સદવ્યય કર્યો હતો. બાદ સમય થઈ જવાથી સભા બરખાસ્ત કરવામાં આવી હતી. બપોરના આદેશ્વરજીના દેરાસરે રાગરાગણીથી ચુનંદા ગવૈયાઓએ પંચકલ્યાણકની પૂજા ભણાવવા સાથે પરમાત્માને ભવ્ય અંગરચના સાઠેક રૂપીઆના ખર્ચે કરાવવામાં આવી હતી. તેમજ રાત્રીના ઉપાશ્રયમાં પૂજ્ય ગુરૂદેવના ફોટા સન્મુખ રાત્રી જાગરણ રાખી ઘણા જ ભક્તિ ભાવથી શ્રી આદિશ્વર જૈન સંગીત મંડળીએ રાગરાગણીથી સ્તવનો ગાઈ ભક્તીનો લાભ લીધેલ હતો, અને પેંડાની પ્રભાવના કરવામાં આવી હતી.

**નોટ:**–આ સિવાય જ્યાં જ્યાં પન્યાસજી મહારાજના સમુદાયના સાધુ સાધ્વીઓ હશે, ત્યાં તેઓશ્રીના સ્વર્ગદિને પૂજાઓ, આંગીઓ, અને મેળાવડાઓ થયેલ હશે. પરંતુ તેઓના સમાચાર આવેલ નહિ હોવાથી આપી શકાયેલ નથી. તંત્રી.

# વર્તમાન-સમાચાર.

**રાધનપુર.** શ્રી જૈન સ્વયંસેવક મંડળનો દ્વી વાર્ષિક મહોત્સવનો મેળાવડો તા. ૩૧-૭-૪૨ ને શુક્રના બપોરના ત્રણ વાગે ભોંયરાશેરીના ઉપાશ્રયમાં મી. જેસીંગલાલ ચુનીલાલ શાહના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યો હતો, ઉપાશ્રયને ધ્વજાઓ, આસોપાલવના તોરણો, કબાનો, ફુલના કુંડા, આદિથી સણુગારવામાં આવ્યો હતો. અને સભાજનોને મંડળનું બેન્ડ સત્કાર આપતુ હતું.

પારંભમાં આદિ જીન મંડળીના બાળકોએ મંગળાચરણ કર્યા બાદ વકીલ છોટાલાલની દરખાસ્ત અને પારેખ દલપતભાઈના ટેકાથી પ્રમુખે પ્રમુખસ્થાન સ્વીકાર્યા બાદ સેક્રેટરી મી. બાપુલાલે મંડલના મેળાવડાની ફતેહ ઇચ્છનારા સંદેશાઓ વાંચી સંભળાવ્યા પછી રીપોર્ટ સભા સન્મુખ રજુ કર્યો હતો. બાદ વકીલ બાપુલાલ, મી. સોકતઅલી મુન્સી, મી. ત્રીભોવનદાસ કંસારા, આદિ વક્તાઓએ પ્રસંગોચિત વકત્વય કર્યા બાદ, મંડળના પ્રમુખ આણંદીલાલે સંસ્થા માંદાની માવજત ખાતુ, તથા નિરાશ્રિત ખાતુ જો દાનવીરો સહાય આપે તો ખોલી સેવા કરવાની ભાવના રાખે છે, તેમ કહી મદદ માટેની અપીલ કરતાં રૂ. ૩૭૦) માંદાની માવજત ખાતે, રૂ. ૨૦૧) મંડળના નિભાવ ખાતે અને રૂ. ૮૨) બેન્ડ ખાતે મળી એકંદર રૂા. ૫૬૧) જુદા જુદા ગૃહસ્થો તરફથી મદદ મળેલ જાહેર કર્યા હતા. બાદ પ્રમુખ મહાસયે ઉપસંહાર કરતા સંસ્થાના સભ્યોને સેવાના કાર્યને ખૂબજ ઉત્સાહથી આગળ ધપાવવાનું સૂચવી, આવા ખાતાઓને સહાય આપી કાર્યવાહકોને ઉત્તેજિત કરવાની જનતાને અપીલ કરી હતી. અંતમાં મંડળના પ્રમુખે પધારેલ સદ્‌ગૃહસ્થો, પ્રમુખ, અને ઉપાશ્રયના કાર્યવાહકોનો ઉપકાર માની બેન્ડના સરોદો વચ્ચે સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

નવિન પંથીઓના અંધભક્તો તરફથી પરમ પૂજ્ય ગીતાર્થ આચાર્યો, પન્યાસો, મુનિવર્યો અને સાધ્વીઓને રાધનપુરમાં ઘડીએ ઘડીએ પજવણીઓ થાય છે.

મોટાભાગે રાધનપુરના સાગરના ઉપાશ્રયે ચાતુર્માસ કરતા શાસનપક્ષના મહર્ષિગણને સાગરગચ્છના મુખ્ય કાર્યવાહક મસાલીયા જમનાલાલ વમળસીની વલણ નવિનમત પરૂપક મુનિઓ પ્રત્યેની હોવાથી, અન્ય કાર્યવાહકોની અનિચ્છા હોવા છતાં ચાતુર્માસ રાખતી વખતે દુકાન નિભાવવાની ઇચ્છાથી મુનિઓની માગણીઓનો જે સ્વીકાર કરે છે, તે પ્રમાણે વર્તવામાં ખૂબ જ બેદરકારી રાખે છે. અને તેમના તેવા વર્તન માટે ઉપાશ્રયમાં આવનારા મુનિગણનો અને ધાર્મિક ક્રિયા કરનાર શ્રાવકગણનો અત્યંત ઉહાપોહ દેખાય છે.

આવી જ રીતે તેમની આંખમીચામણી હોવાથી કૌતુક કે ટીકાની દ્રષ્ટીએ નવિનપંથીઓના ભક્તો વ્યાખ્યાનમાં આવે છે. અને પ્રસંગો મળતા ભર વ્યા-

ખ્યાનમાં ખોટો મનોકલ્પીત વિરોધ ઉભો કરી, ઉસ્કેરણી કરી મૂકવા સાથે પૂજ્ય ગીતાર્થોનું આવેશયુક્ત, અસભ્યતાપૂર્વક, અપમાનજનક તોછડાઈ ભાષામાં અપમાન કરવા ઉપરાંત હાથ પકડી ખેંચાખેંચી પણ કરી મૂકે છે. આવી જાતનું અસભ્ય વર્તન પૂજ્ય મુનિવર્યો પ્રત્યે કરવું એ શું નવિનપંથી વૃદ્ધ અને યુવાન ભક્તોને તેઓશ્રીના મિશન તરફથી સૂચન હશે કે શું ? કારણકે હરેક જગ્યાએ આવા જ દ્રષ્યો બને છે.

રાધનપુરમાં આવા દ્રષ્યોનું મંગળાચરણ પ્રથમ મુનિશ્રી ખાંન્તિવિજયજીની સ્વર્ગગમનની શોક સભામાં થયેલ, બીજો પ્રસંગ શાન્તમૂર્તિ આચાર્યદેવ શ્રી વિજયલાવણ્યસૂરીજીના ચાતુર્માસમાં જે બનવા પામેલ છે, તે તો રાધનપુરની જૈન કોમ માટે એક કલંક સમાન જ છે. કે જેથી ભવિષ્યમાં કોઈ પણ પૌઢ, વિચરક, જ્ઞાનિ અને ગીતાર્થ મુનિ મહારાજ રાધનપુરને ચાતુર્માસ કરીને સોભાવી શકે તેવુ રાખેલ જ નથી. છતાં પણ અન્યાસે આવી ચઢેલા તિર્થોદ્ધારક, શાંતમૂર્તિ સમભાવદ્રષ્ટી જૈનાચાર્ય શ્રીમદ્ વિજયનીતિસૂરીજી મહારાજના સમુદાયના બે સાધુઓ યાત્રાર્થે આવી ચડયા, તેમને જોઇતી બધી વ્યવસ્થા કરી આપવાની કબુલાત આપી, ગુરૂવર્યો પાસે તારદ્વારા આજ્ઞા મંગાવી આપી. આગ્રહપૂર્વક ચાતુર્માસ માટે ગચ્છના મુખ્ય કાર્યવાહકે રોકયા, છતાં ન મળે જોઈતી સગવડ કે ન મળે આવસ્યક સાધન.

ચાતુર્માસ દરમિયાન અસાડ વદિ ૮ ના વ્યાખ્યાન સમયે પૂજ્ય ગુરૂવર્ય પન્યાસશ્રી ભાવવિજયજી ગણિવર્યનો સ્વર્ગદિન, શ્રાવણ સુદિ ૩ નો આવતો હોઇ તે દિવસે જયંતિ ઉજવવાની હોવાથી પૂજા, પ્રભાવના આદિ માટે વ્યોવૃદ્ધ પન્યાસશ્રી લાભવિજયજી ગણિવર્યે સદુપદેશ આપતા, અંતમાં જણાવ્યું કે "આવતી અસાડ વદી ૧૪ મંગળવારની છે માટે પ્રતિક્રમણની ધાર્મિક ક્રિયા મંગળવારના પાંચ વાગે થશે." આટલી સંઘને સૂચના આપતા જ જાણે કે "આભ ન ફાટયો હોય" તેવી રીતે નુતનપંથીના ભગતડાઓ કે જેઓ પુખ્ત ઉમ્મરના હતા, તેઓ પૂજ્ય પન્યાસજી મહારાજને ઉદ્દેષીને બકવા લાગ્યા કે આપ આવી રીતે કહી જ કેમ શકો ? વ્યાખ્યાન પાટ ઉપર બેસીને આમ બોલી શકાશે જ નહિ, તેમ કહેતા વધુ ઉસ્કેરાયાં. અને પૂજ્ય પન્યાસજી મહારાજ સામે હાથો કરી ઉશ્કેરાટ ભરી ભાષામાં યદ્વા તદ્વા બકવાદ કરતા પરિણામે આવેશમાં આવી પન્યાસજી મહારાજનો હાથ પકડી પાટ ઉપરથી ઉતારવા જેવી ખેંચતાણ કરવા લાગ્યા. આ રીતે વાતાવરણની ભયંકરતા વધતાં પારેખ દલપતભાઈ, વીરવાડીયા વરધીલાલ આદિએ નુતનપંથી પારેખ નરપતલાલ ઉતમચંદ અને વરધીલાલ કચરાભાઈને કડકાઇથી કહ્યું કે સાધુઓને વ્યાખ્યાન પીઠ ઉપરથી પોતાના ધ્યેયને પ્રતિપાદન કરતા કોઇ અટકાવી શકશે જ નહિ, આટલુ કહેતા જ મામલો બગડતા નુતન પંથીઓ વ્યાખ્યાનમાંથી ચાલ્યા ગયા અને મુનિમંડળને ઉપાશ્રયના અંદરના

ભાગમાં લઇ ગયા. બાદ વ્યાખ્યાન હોલમાં બન્ને પક્ષો વચ્ચે ઉસ્કેરાટનો અગ્ની *ખૂબ જ વધી ગયો હતો.*

પ્રવર્તક કાન્તિવિજયજી મહારાજના સ્વર્ગગમનની ભક્તિ માટે ગતાંકમાં સૂચવ્યા મુજબ અષ્ટાહ્નીકા મહોત્સવ માટે ભંડોળ કરવા ચાર સદગૃહસ્થોની કમિટિ નીમેલ, તે કમિટિએ આસરે રૂા. ૬૨૫)નું ફંડ એકત્ર કરી શ્રાવણ સુદિ ૩ થી આદિશ્વરજીના મોટા દેરાસરે ઘણા જ ઠાઠમાઠથી આડંબરયુક્ત ચુનંદા ગવૈયાઓએ રાગરાગણીઓથી આઠ દિવસ ભારે પૂજાઓ ભણવવા સાથે દરરોજ જુદીજુદી કૃતિની આંગીઓ કરાવવામાં આવેલ હતી. સમાપ્તિના અને સ્વર્ગવાસના માસ દિનના દિવસે રૂા. ૧૫૦ ખર્ચીને આંગી તદન બાદલાની કરાવવા ઉપરાંત મૂંગા પશુ પક્ષીઓની વીસેક છત્રીમાં જાર, ખોડાઢોરની પાંજરાપોળના અને ગામના રખડતાં જાનવરોને ઘાસ તેમજ ગરીબ અનાથોને રોટલાઓ વહેંચવા ઉપરાંત આઠે દિવસ શાન્તિનાથ અને ચિંતામણીપાર્શ્વનાથના દેરાસરે પણ બાદલાની આંગીઓ રચવવામાં આવી હતી. દરરોજ સવાર, સાંજ જૈન સ્વયંસેવક મંડળનુ બેન્ડ અને રાતના આદિ જીન મંડળી પોતાની સેવા આપી ભક્તિનો લાભ લેતા હતા.

**बेडा (मारवाड)** પન્યાસશ્રી વિકાસવિજયજી અહીં ચાતુર્માસ રોકાયેલા હોવાથી અસાડ સુદિ ૧૦ થી શ્રીભગવતી સૂત્ર વંચાવવાનું સંઘે ઘણી જ આડંબરિક ધામધુમથી શરૂ કરાવેલ છે. તેમજ પૂજ્ય પ્રવર્તકજી મહારાજના અવશાનના સમાચાર આવતા સકળ સંઘની સાથે દેવવંદન કરી અષ્ટાહ્નીકા મહોત્સવ કરવાનું સૂચવતાં સંઘે ઉત્સાહથી ભંડોળ કરી અસાડ વદી ૩ થી અષ્ટાહ્નીકા મહોત્સવનો પ્રારંભ કરેલ છે જે વદી ૧૩ ના સમાપ્ત થયેલ છે.

**माणसा**. આચાર્યશ્રી વિજયલલિતસૂરીજી આદિ ઠાણા ૪ અત્રે ચાતુર્માસ હોઇ તેઓશ્રીના સદુપદેશથી શ્રાવણ સુદિ ૫ ના સ્નાત્ર મહોત્સવ થયેલ, જેમાં ૧૧૬ સ્નાત્રીઆ થવા સાથે પૂજા કળશ આદિની ઉછામણીના રૂ. ૨૦૦) ઉપજ્યા હતા. વળી શેઠ મણીલાલ છગનલાલ તરફથી નવકાર મંત્ર આરાધન તપની તપસ્યા શરૂ કરાવેલ છે. જેમાં આસરે ૧૦૦ વ્યક્તિઓએ પ્રવેશ કરેલ છે, અને નવે દિવસના એકાસણા જુદા જુદા વ્યક્તિઓ તરફથી નોંધાઇ ગયા છે.

અહિના આયંબિલખાતાને પણ આચાર્યશ્રીના પધારવાથી પૂનઃજીવન મળેલ છે. અને હાલ આયંબિલ કરનારાઓની સંખ્યા વધે જ જાય છે. તેમજ આર્થિક સહાય પણ પૂજ્ય ગુરૂવર્યના ઉપદેશથી મળે જાય છે.

મુદ્રકઃ-**હીરાલાલ દેવચંદ શાહ.** "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-**અમદાવાદ**
પ્રકાશકઃ / **ભોગીલાલ સાંકળચંદ શેઠ. "જૈનધર્મ વિકાસ"** ઓફિસ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ-**અમદાવાદ.**

## વાંચકોને !

માસિકના નમુનાનો અંક આપને મોકલવામાં આવે છે. આપશ્રીને અવલોકન કરતાં જો એ સંતોષ આપવામાં સફળ નીવડે તો આશા છે કે, વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૮-૦ અને બહારગામના (પોસ્ટેજ સાથે) રૂા. ૩-૦-૦ મોકલી આપશ્રી માસિકના ગ્રાહક તરીકે નામ નોંધાવશો.

લવાજમ મોડામાં મોડા આવતી સુદિ ૧૫ સુધી મોકલી આપશો. કે જેથી વી. પી. થી મોકલતાં વધુ ખર્ચ ન થાય, છતાં જણાવશો તો વી. પી. કરવામાં આવશે.

ગામ પરગામ વિચરતા પૂજ્ય મુનિવરો માસિકનો પ્રચાર કરી, નવા વાંચન-રસિક ગ્રાહકો નોંધાવી, માસિકને પ્રોત્સાહન આપશે, એવી અમે આશા રાખીએ છીએ.

કોઇ પણ સામાજીક સંસ્થાઓ કે પૂજ્ય મુનિગણને અમો, મફત કે ઓછા દરથી માસિક આપી શકીએ તેમ નથી, એ સૂચન થાય.

નમુનાની નકલ મંગાવવાથી મોકલી આપવામાં આવશે. "તંત્રી"

---

## ગ્રા....હ....કો....ને વિ....ન....વ....ણી.

ગતાંકમાં સૂચવ્યા મુજબ માસિકના ગ્રાહકોને ક્રાઉન ૧૬ પેજી ૩૪૦ થી વધુ પાનાના છ પુસ્તકો ભેટ મોકલવાના શરૂ થયેલ છે. માટે સ્થાનિકે રૂા. અઢી, અને બહારગામવાળાએ રૂા. ત્રણ લવાજમના શ્રાવણ સુદિ ૧૫ સુધિમાં મોકલી મંગાવી લેવા ત્યારબાદ વી. પી. થી મોકલાશે.

૧ સપ્તતિશતસ્થાન પ્રકરણ, ૨ વાક્ય પ્રકાશ, ૩ પ્રાકૃત લક્ષણ, ૪ સઝાય સંગ્રહ, ૫ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ૧૨ મો સ્વાર્ગારોહણ મહોત્સવ. ૬ ચોવીસ જીન કલ્યાણક ચૈત્યવંદન.

---


# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપાગચ્છ પટ્ટાવલી:**—સંપાદક, પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઇને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું.

લખો—**જૈન ધર્મ વિકાસ ઓફિસ**, ૫૬૧ ગાંધી રોડ, **અમદાવાદ.**

**રાધનપુર.** જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવીરસૂરીજી મહારાજની જયંતિ સાગરના ઉપાશ્રયે વ્યાખ્યાન સમયે પં. લાભવિજયજી મહારાજના અધ્યક્ષસ્થાને ઉજવવામાં આવી હતી. મુનિઓ અને અન્યવક્તાઓએ મહૂંમના ગુણો બાબત પ્રસંગોચિત વિવેચનો કર્યા બાદ સભા બરખાસ્ત કરવામાં આવી હતી, બપોરના આદિશ્વરજીના મહોટા દેરાસરે, શાન્તિનાથજીના દેરાસરે પરમાત્માઓને અને આચાર્યદેવની મૂર્તિને બાદલાની આંગીઓ કરાવવા સાથે રાગરાગણીથી આદિશ્વરજીના દેરાસરે પૂજા ભણાવવામાં આવી હતી.

અસાડ વદી ૧૪ ને મંગળવારના રાધનપુરમાં ઘણાખરા ઉપાશ્રયે પાક્ષિક પ્રતિક્રમણ થયેલ અને જૈન જનતા પૈકીના પોણા ભાગ કરતાં વિશેષ ભાગના સાધુ, સાધ્વી અને શ્રાવક, શ્રાવીકાગણે પં. લાભવિજયજી મહારાજની સૂચના મુજબ ચતુર્દસી તા. ૧૧-૮-૪૨ ને મંગળવારની જ આરાધન કરેલ હતી. તેમજ પોસહ, તપ, આદિ સારા પ્રમાણમાં થયેલા હતા.

**અમદાવાદ.** વીરના ઉપાશ્રયે ઉપાધ્યાય શ્રી દયાવિજયજી મહારાજના સદુપદેશથી અક્ષયનિધિ તપની આરાધના શ્રાવણ વદિ ૫ થી શરૂ થયેલ છે, જેમાં આસરે એંસી વ્યક્તિઓ જોડાયેલી છે. અને સામળાની પોળના તપાગચ્છના ઉપાશ્રયે પન્યાસશ્રી ઉદયવિજયજી મહારાજના સદુપદેશથી અક્ષયનિધિ તપની આરાધના તેજ તારીખે શરૂ થતા, આસરે અઢીસો ઉપરાંત તપસ્વીઓ જોડાયેલા છે. દરરોજ બન્ને ઉપાશ્રયે આનંદપૂર્વક તપની ક્રીયા ઘણાજ ઉત્સાહથી થાય છે. અને દેશકાળની પરિસ્થીતિના લીધે જમણવારોમાં સંકોચ રાખવામાં આવેલ છે.

---

## પૂજ્ય ગીતાર્થ મુનિવર્યોને વિનવણી.

વીક્રમ સં. ૧૯૮૦ની સાલ પૂર્વે પાંચસો વર્ષ સુધીમાં કોઇપણ ગચ્છાધિપતી, પદવીધર યા ગીતાર્થ મુનિવર્યોએ કોઇપણ સાલમાં બે પૂર્ણિમા, બે અમાવાસ્યા, કે બે ભાદરવા સુદિ ૫ કરેલી હોય. અથવા પૂર્ણિમા, અમાવાસ્યા, કે ભાદરવા સુદિ ૫ નો ક્ષય કરેલો હોય, કે ભાદરવા સુદિ પહેલી ૫ ને ખોખા, ફાલતું કે ફોગટ તિથિ તરીકે ગણેલી હોય, તો કૃપા કરી સાલ, માસ, પક્ષ અને સૂત્રોના પાઠો સહિત નીચેના સરનામે જણાવશો.

**પન્યાસ શ્રી લાભવિજયજી.** સાગરનો ઉપાશ્રય, **રાધનપુર.** (ઉ. ગુજરાત)

ટાઈટલ છાપનાર : શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા. જુમામસીદ સામે-અમદાવાદ.